રણ

ગણપતીન ના

॥ ..ગ આશાવરી ॥ એક નામ મુજને સાંભર્યું. શ્રી ગૌરી ગણેશ પાર્વતીના અંગથી ઉપન્યો, તાત તણો ઉપદેશ. ૧ માતા પાર્વતીને, પીતા શંકરદેવ; નવખંડમાં જેની સ્થાપના કરે, જુગ ઉ સેવા ૨ સીંદુરે શણગાર સજયા ને કંઠે પુષ્પના હાર; આયુદ્ધ ફરસી કર ધરીને, હણ્યા અસુર અપાર. ૩ પહેલા કરમાં જળ કમંડળ, બીજે મોદીક અહાર; ત્રીજા કરમાં ફરસી સોહીએ, ચોથેરે જગ માળ. ૪ ચાલો સઇયરો દેવ જઈને પુજીએ ગણપતરાય; મોટા લીજે મોદીક લાડુ. લાગીએ શંભુ સુતને પાય. ૫ એવા દેવ સાચા મુની વાચા, પુરે મનની આશ; બેઉ કરજોડી કહે વૈષ્ણુવ, દાસતણો જે દાસ. ૬

શ્રી અંબાજીનિ પ્રાર્થના.

કડવું ૧ લું,

આધ શકિત મા અંબા પ્રગટયા, જ્યાં પવન નહીં પાણી; સુરિનર મુનજન સર્વે કણાણી, તું કોણે ન કળાણી ૧ તારૂં વર્ણન કઈ પેરે કરીએ, જો મુખરસના એક; સહસ્ત્ર ફેણાપેશ નાગને મા તોએ ન પામ્યો શેખ. ૨ જુજવાં રૂપ ધરે જુગદંબા રહી નવખંડે વાપી; મહા મોટા જડમુઢ હતા મા, તેમની કુરમત કાપી. ૩ ભકિતભાવ કરી ચરણે લાગું, મા આધશકિત જાણી; તેમને સહાય કરવા સમર્થ, નગરકોટની રાણી. ૪ તું તારા ત્રિપુરાને તોતળા, નમસ્ રંગ રાતે; બીજી શોભા શી મુખે કહીએ, રચના બની ભાતે.

રાગ કેદારો—હું માં
પામું, વામું વામું રે.
સકળ વામું કુળી
ગે, મહારોગ થ
કયા, ભુતનો
કસોને શુકજી, એ... ...હીઆયઃ કાશુ ... ...ક્ષત અની-
ા વીવાહ. ૩ પ્રથમ હતા દાનવ સુતાને, કહાવતા દશસ્કંધ; ...શમની કહું કથા, જેમ ઉપજે આનંદ. ૪ હરિએ વૃંદાવનમાં ક્રીધી. વાયો મધુરો વંસ; પ્રથમ મારી પુતનાને, પછી પછાડયો ક...ત હરી પધાર્યા દ્વારીકામાં, પરણ્યા છે બહુ રાણી, શોળ સહસ્ત્ર શત આંગળી તેમાં અષ્ટ કરી પટરાણી.

કડવું ૩ જું.

રાગમારૂ—રાય તપ કરવાને જાય રે. એતો આવ્યો મધુવન માંય; રે કીધું નીમજ્જન સ્નાનરે, ધરીયું સીવજી કેરૂં ધ્યાન રે, ૧ રાય બેઠો છે આસનવાળીરે, કર જમણામાં જપમાળા ઝાલીરે; માળા ચાલ્યા શુંગીએ કાનરે તોએ આરાધે શીવ ભગવાનરે ૨ રૂધીર માંસ સુકાઈ ગયુંરે, શરીર સુકા કાષ્ટવત થયુંરે માહાનૃપીઓ કેમે નવ બોલેર, એના તપથી ત્રીભુવન ડોલેરે ૩ વળતી બોલીયા શંકરરાયરે તમે સાંભળો ઉમીયાયર; એક અસુર મહાતપ સાધેરે, મારૂં ધ્યાનધરીને આરાધેરે ૪ કોણ કહીએ જેનો બાપરે તે તો માંડી બેઠો મહા જાપરે; તમે કહો તો વરદાન આપુંરે, કહો તો પુત્ર કરીને થાપુંરે ૫ વળતાં બોલ્યા રૂદ્રાણીરે મારી વાત સુણો સુલપાણીરે; દુધપાઈને ઉછેરીએ સાપરે; આગળ ઉપજાવે સંતાપરે ૬

કડવું ૪ થું.

રાગ આશાવરી—વરદાન પામી વળીયો બાણાસુર શોણીત પુરમાં ય; વનાંવાસી પશુંરે પંખી તે લાગ્યા બ્હીવાય ૧ કાંઈ નવ દીઠુ

સાંભળ્યું, જેમ વૃક્ષ ચાલ્યું જાય; આવીને જોવા લાગ્યાં સર્વે દીઠો બાણાસુર રાય. ૨ નગર સમીપે ચાલી આવ્યો બાણાસુર બળવાન, કાભાંડ નામે રાય તણે ઘેર પ્રગટ થયો પ્રધાન ૩ કોઈક દેશની કન્યા લાવી પરણાવ્યો રાજન દેશ જીતવા સંચર્યો રાય બાણાસુર બળવંત ૪ પાતાળે નાગ લોક જીતી ચાલ્યો તેણીવાર દેશ દેશના મહીપતી જીત્યો કહેતાં ના આવે પાર ૫ સ્વર્ગ જઈને દેશ જીત્યા દેવ નાઠા જાય સરજે વરતી સાંગ આપી બાણુતણા કરમાંય. ૬

કડવું ૫ મું.

રાગ ઢાળ—કૈલાશ પર્વત જઈ રાજાએ ભરી ભીડાવી બાથ; જળમાંહી જે નાવ ડોલે એમ ડોલે ગીરીનાથ ૧ ટોપ કવચ ને ગદા ફરશી કડકડાટ બહુ થાય; તેણે સમે ઉમીયાજી મનમાં લાગ્યારે બ્હીવાય ૨ જઈને શંકરને ચરણ નમીયાં, અહો અહો શીવરાય; શાને કાજે બીહો પાર્વતી, આયો બાણાસુર રાય ૩ શોણીતપુરનું રાજ્ય આપ્યું ઊપર કર હજાર; વળી માગવા શું આવ્યો છે અંધ તણો કુમાર. ૪

કડવું ૬ ઠું.

રાગ ઢાળ—તેનો તારે વણ કહે મેં, ઊપજાવ્યો છે એક, જે કર છેદન કરી તારાને, કરશે કડકા અનેક. ૧ તેનો સ્વામી કેમ હું જાણું ચિંતા મુજને થાય, લે બાણાસુર લઈ જા તુને એક ધ્વજાય ૨ જ્યારે ધ્વજા આ ભાંગી પડશે, ત્યારે કર તારા છેદાશે, રૂધીર તણો વરસાદ વરસસે તારા નગરને વિશે ૩ ત્યારે તું એમ જાણજે, રીપુ ઉત્પન થયો સાર વરદાન પામી વળીઓ બાણાસુર સોણીતપુરમાં જાય ૪ એક સમે મહાદેવ કહે, મારે તપ કરવાનુ મન તેણે સમે ઊમીયાએ માંડયું અતિઘણું રૂદન ૫ અહો શીવજી, જનમારો કેમ જાય મારે નથી એક બાળક તે, કહો વલે શી થાય ૬ મહારૂદ્ર વાણી બોલીઆ લે આ મારૂં વરદાન એક પુત્ર ને એકજ પુત્રી ઉપજાવજે સંતાન ૭ વરદાન આપી મહાદેવજી વન તપ કરવાને જાય; ઊમીયાજી નહાવાને

બેઠાં વિચાર્યું મનમાંય ૮ શિવનાં ઘર મોટાં જાણીને રખે આવતું કોઈ; બે બાળક બેઠક્યું બારણે તે બેઠાં બેઠાં જોય.

વલણ– પરીક્ષતને શુકદેવ કહે કુંવરી કન્યા જેહરે; ઘર સાચવવાને બાળકો બે પ્રગટાવ્યાં તેહરે.

કડવું ૭ મું.

રાગ ઢાળ–દેવી ન્હાવણ કરવા બેઠાં, નારદ આવ્યા ત્યાંય, બાળક બે જોઈને નાસી ગયા શીવ છે જ્યાંય. ૧ નારદ ચાલી આવીયા મદુવન તતખેવ, ઓરે શીવજી ઓરે શીવજી, નફ્ટ ભુંડી ટેવ ૨ વન વગડામાં ભમતા હીંડો, માથે ધાલો ધુળ, આક ધંતરો વીજીયા ચાવો કરમાં લ્યો ત્રીશુળ, ૩ તમે રે વનમાં તપ કરો ને, ઘેર ચાલ્યું ઘર સુત્ર; તમો વીના તો ઉમીયાજીએ; ઉપજાવ્યો છે પુત્ર. ૪ મહાદેવ ત્યાંથી પરવર્યા, કૈલાસ જોવા જાય, ગણપતી વાણી બોલીયા, આડી ધરી જેષ્ટીકાય. ૫ અલ્યા જટીલ જોગી ભસ્મ અંગે, દીસંતો અદભુત; આગ્ના વીના અધીકાર નહી હોય પૃથ્વીના છો ભુપ ૬ વચન એવું સાંભળીને કોપીયા શિવરાય; લાતો ગદડા પાટુમુકી, આવ્યા ઘરની માય, ૭ ગણપતીનો ગડદે પડે, બ્રહ્માંડ ભાગ્યા જાય, ત્રિલોક તો ખળભળવા લાગ્યું આ તે શું કહેવાય ૮ ત્યારે શીવજી કોપીયા ને ચડી મનમાં રીશ કોપ, કરીને ત્રિશુળ મેલ્યું, છેદ્યું ગણુપતીનું શિશ. ૯ માગશર વદી ચોથને દહાડે પુત્ર માર્યો તન, તે દહાડેથી ચાલ્યું આવ્યું ગણેશ ચોથનું વરત ૧૦ તે મસ્તક તો જઈને પડ્યું ચંદ્રના રથમાંય; તેથી ચતુર્થીને દીવસે, ચંદ્રપુજન થાય ૧૧ એવે શિવજીએ ઘરમાં આવ્યા જ્યાં ઉમીયાજી ન્હાય; ઓખા બેઠીતી બારણે તે, નાશી ગઈ ઘરમાંય. ૧૨ લત્રણુ કોટડામાં જઈને પેઠી મનમાં વાત વિચારી ભાઈના કટકા કીધા માટે મુજને નાખશે મારી, ૧૩

કડવું ૮ મું.

સાખી–વરિ વિના ઝુરે વેલડી, વાછરૂ વિના ઝુરે ગાય બાંધવ વિના ઝુરે બેનડી, પુત્ર વિના ઝુરે માય ૧ પુત્ર ધાન્યને પુત્ર ધન પુત્રજ આગેવાન જે ઘેર પુત્ર ન નિપજ્યો તેના સુનાં બળે મશાણુ ૨ પુત્ર વિના

શિવ મારે પાંજરૂ. વન ઉભે અગ્નિ બળીશ, શિવ શાથી માર્યો ગણુપતી મારો પુત્ર કયાંથી મળીશ. ૩ (રાગ વિલાપનો) વલણુ-બોલો હો બાળારે હો ગણુપત, બોલો હો બાળા ટેક ઉમીયાજી કરે છે રૂદન, હો ગણુપત શિવ શાને માર્યો તન, હો ગણુપત ૧ શિવ પુત્ર વિના જેવી માય, હો ગણુપત; તેની સંપતિ પરઘેર જાય, હો ગણુપત ૨ શિવ પુત્ર વિનાની માય, હો ગણુપત તે તરણાથી હળવી થાય. હો ગણુપત ૩

રાગ આશાવરી-નંદી ભૃગી મોકલ્યા તે પહેલી પોળે જોય હસ્તી એક મળ્યો માર્ગમાં તે શિર કીધો ઘાય ૧ તે ગજનું મસ્તક લાવીને ધડ ઉપર મેલ્યું નેટ; ગડગડીને હેઠું બેઠું આગળ નીકળ્યું પેટ ૨ કાળા એના કુંભસ્થળ વરવા એના દાંત આગ એને સુંઢ મોટી લાંબા પહોળા કાન, ૩

કડવું ૯ મું.

સાખી-રૂપ ગુણને વાદ પડયા, ચાલ્યા રાજદ્વાર; ગુણને આપ્યા બેસણાં રૂપ ને કર્યો જુહાર ૧ રૂપ તો આપ્યા શીવે નાગરાં, કોઈ જોગી અબધુત: ચતુરાઈ દીધી જે ચારણાં, વળી કોઈ કોઈ રાજપુત ૨ પુન્ય વિના ધન કયા કામકો, કયા કામકો ઉદક વિણ કુંભ એ દો વસ્તુ કુછ ન કામકી. જેમ ગુણુ વિના રૂપ.

કડવું. ૧૦ મું.

રાગ મારૂ-પંથી જયારે ચાલે ગામ, પહેલું લે ગણુપતીનું નામ; કથા ગ્રંથ આરંભે જેહ, પ્રથમ ગણુપતી સમરે તેહ ૧ સૌભાગ્યવંતી શણગાર ધરે ગણુપતી કેરૂં સ્મરણ કરે; સોની સમરે ઘડતાં ઘાટ, પંથી સમરે જાતા વાટ. ૨ પંચવદનના દેહરા માંય, પહેલી પુંજા ગણુપતીની થાય એ વિના સુજને પુંજે તો સર્વ મીથ્યા થા, ૩ ઉથલો-શાને કાજે રૂવે પાર્વતી શાને લોચન ચોળે; જેને ઘેર વિવાહ વાજન હશે. ત્યાં બેસશે ઘીને ગોળરે. ૪

કડવું ૧૧ મું.

રાગ ઢાળ-ઓખા ઓખા કહી ઉમીયાએ, સાદ કર્યા બેચાર ત્યારે ઓખા આવી ઉભી, નીસરીને ઓરડી બહાર. ૧ બાઈ મરાવી ભામની તું તો નાસી ગઈ મહાદેવે ગણુપતીને માર્યો તે શુદ્ધ મને નવ કહી. તે માટે તારૂં અંગ ગળજો લુણુ ખેજો કાય ! જા દઈત્યના કુળમાં અવતરજે,

એણીપેર બોલ્યા માય. ૩ ઓખાબાઇ તો થરથર ધ્રુજ્યા, એનો વાત એ દંડ અપરાધ પાખે માતા મારી આવડો શો દંડ. ૪ ઉમીયા કહે મેં શ્રાપ દીધો તે કેમ મીથ્યા થાય; દઇત્ય કુળમાં અવતરજે, હેવ વરી કોઇ જાય. ૫ ચૈત્રના મેનારકમાં બાઇ તારોરે મહીમાય; ઓખાહરણ જે સાંભળે, મહારોગ થકી મુક્ત થાય

કડવું. ૧૨ મું.

રાગ સામગ્રીની ચાલ–રાય બાણાસુરને બારણે, વારવા આવીરે ચંડારણી; નિત્ય પ્રત્યે રજે વર્તી, કર્યું ઝાકઝમાળ, બાણાસુરને બારણે, ૧ રાય મેહેડિયેથી હેઠો ઉતર્યો, થયો પ્રાતઃકાળ મુખ આગળ ઘડીઘરા; સાવરણી છે સાર બાણાસુર ૨ રાય બાણાસુર રતિવહે, મનમાં પામી દુઃખ; મુજને દેખી કેમ ફેરવ્યું, અલી તારૂં રે મુખ. બાણાસુર, ૩ ત્યારે ચંડાલણી વરતી વદે સાંભળીયે રાય; તમો ઉંચ અમો નીચ છું, મુખ કેમ દેખાડાય બાણાસુર ૪.

કડવું ૧૩ મું.

રાગ આશાવરી– ચંડાળ તો કાંઇ એક નથી, રાય દશાત્રાદના કહેવાય; પહેલો ચંડાળ જેને કહીયે, નદી ઉતરી નવ નહાય. ૧ બીજો ચંડાળ જેને કહીયે, પુત્રીનુ ધન ખાય, ત્રીજો ચંડાળ જેને કહીએ, દુભે માત પીતાય. ૨ ચોથો ચંડાલ જેને કહીએ, હરે પારકી નાર; પાંચમાં ચંડાળ જેને કહીએ, પરદારા શું ખાય, ૩

કડવું ૧૪ મું.

રાગ આશાવરી–બળીઓ રે બાણાસુર રાય, પુત્ર માગવાને જાગ મહાદેવજીનાં પાસે આવી, બેઠા તપ કરવા. ૧ હજાર હાથે તાળી પાડી તવ રીઝયા શ્રી મહાદેવ, આપોને આપો શિવજી પુત્ર એક તત્ખેવ ૨ ચીત્રકોપ લહીયા તેડાવ્યા કર્મતણા જોનાર પુર્વે રાજા તું તો કહાવે વૈશ્ય તણો અવતાર. ૩ તારે પેટે એકજ હતો, લાડકવાયો બાળ; ભોજન કરવા તું બેઠો તે, સાંભળને ભુપાળ ૪

કડવું ૧૫ મું.

રાગ ઢાળ–ઉમીયાવાણી બોલીયા, તું સુણ બાણાસુરરાય તારા મનમાં જે ગમે, તને આપું એક કન્યા ૧ ત્યારે બાણાસુર કહે પુત્રી મારે કોટીક પુત્ર સમાન; મુજને ટાળે વાંઝીઓ, આપો એ વરદાન. ૨ કોઈક દેશનો રાજા જોઈશ, રાખશે મારૂં નામ પોષ માસથી પુરણ મારી પુરણ થશે મનકામ ૩ વર પામી વળીઓ બાણાસુર શોણીતપુરમાં જાય; બાણુમતીને ગર્ભ રહ્યો છે, તેનો કહ્યું મહીમાય, ૪ પોષ માસથી પુરણ માસે, પ્રગટ થઈ કન્યાય; વધામણીઆ પરવર્યા તે રાજસભામાં જાય. ૫ શાણા જોશી તેડીઆ, તેની જન્મ પત્રીકા થાય, વીચાર બળ કરી ગુરૂજી બોલ્યા, પોને તેણીવાર. ૬

કડવું ૧૬ મું.

રાગ ધનાશ્રી–પરિક્ષિતે પ્રશ્ન કર્યું વિચારીજી, કહો કેમ પ્રગટ થઈ બેઉ નારી ઓખાને ચીત્રલેહા કેમ ધર્યાં નામજી કઈ વીધીએ આવ્યાં અસુરને ધામજી. ૧ (ઢાળ) ધામ આવ્યા આસુરને, તેણે કામ સૌ દેવનાં કર્યાં; મુને વિસ્તારીને વર્ણવો કેવી રીતીએ અવતર્યા. ૧ શુકદેવ કહે સુણ પરિક્ષત, અભીમન્યુ કુમાર પ્રશ્ન તે પુછયું મને, તેનો સદેહ ખોઉં નીરધાર, ૪ એકવાર દેવ પાતાળ નાઠા, બાળાસુરના તાપથી; ત્યારે વરૂણ કેરા જગનમાં, કન્યા પ્રગટી આપથી. ૩ કન્યા કહે કેમ પ્રગટ કીધી, કહો એમ સરખું કામ; ત્યારે દેવ કહે દઈત્ય દુઃખ દે છે, બાણાસુર જેનું નામ. ૪ કન્યા કહે દુઃખ કાં ધરો બાણાસુર આવશે પાતાળ, એના પીતાના ચરણ પુજવા, નીત્ય જાય છે પાતાળ, ૫ ત્યારે મને પુત્રી કરીને સોંપજો હું જઈશ એને ઘેર, સાંકડી સગાઈએ સુતા થઈને કરાવું ભુજની પેર. ૬ તેણે સમે પાતાળ આવ્યો બાણાસુર રાજન, તેને દેવે દીકરી આપી, પ્રસન થઈને મન. ૭ પ્રધાન કહે સ્વામી સાંભળીએ, આપો મુજને બાળ, કન્યાદાન કુંવરીને દઉં તો ઉતરે શીર નીમાળ. ૮ ત્યારે રાજા કહે પ્રધાનને, આ પુત્રી મુકું વન, કાલે તેડીને તું તો આવજે, જાણે નહી કો જન. ૯

કડવું ૧૭ મું.

સાખી—ભાદરવે જે કરે હળોતરા, શતરૂ પાસે માગે શીખ, જે ઘેર પુત્રી લાડકવાયી, તેના માબાપ માગે ભીખ. ૧ બાળો અગ્નિ બધું વન દહે, છળવડે પર્વત કોરાય; અભાગા રૂઠી જે કરે, મણીધર નવ કળાય. ૨ એટલાં અંત ન લીજીએ, જો ઇચ્છીએ કુશળાં. રાગ ઢાળ—નગર થકી એક જોજન, રાયે મહેલ રચાવ્યો સાર; ગોખ બારી ને અટારી તેને, કહેતા ન આવે પાર. ૧ મરકટ મણી મોતીએ જડયાં માંહે પીરોજાન પાટ, હય શાળા ગજ શાળા છે, હીંચવા હીંડોળા ખાટ, ૨ દીવસ માસ ને વરસ જ્યાં કન્યા મોટી થાય, ચીત્રલેહાને સંગે રહે ઉલટ અંગ ન માય. ૩

કડવું ૧૮ મું.

રાગ ઢાળ—શ્રોણીતપુર પાટણ ભલું, રાય બાણાસુરનું ગામ ઓખા તેની પુત્રી કહીએ કરતી ઉત્તમ કામ. ૧ ઘડી એકમાં લાવે સોગટાં, ઘડી એકમાં પાટ, નાનાવિધની રમત રમે, ઘડી એકમાં હીંડોળા ખાટ, ૨ ઘડી એકમાં ઢીંગલાં પોતીયાં રમતી હોડા હોડ, હીંડોળે હીંચવાને કાજે, રેશમ કેરી દોરી ૩ ઘમઘમ ઘમઘમ ઘુઘરા ગાજે, ઘુઘરડીનો ગોર નાનાવિધનું ગાણું ગાતાં મધુરા નિકળે સાર. ૪.

કડવું ૧૯ મું.

રાગ સામેરી—જોબનીયું વાધ્યુંરે ઓખા નાનડીરે લોલ, મારે જોબનીયાની જાય, બેની મારે ઘડી ઘડીરે લોલ. ૧ બોલી ઓખા વળતી વાણ સાંભળ બેનડી લોલ, મારે મુરખ પિતા કાંઇ જોતો નથીરે લોલ. ૧ બોલી ઓખા વળતી વાણ સાંભળ બેનડી રે લોલ, મારો જાય કન્યાકાળ વર જોતો નથીરે લોલ. મારા જોબનીયાના દીવસ દહાડા ચારજો, નાણારે મળશે પણ ટાંણે નહી મળેરે લો. ૨

કડવું ૨૦ મું.

રાગ આસાવરી—પાંચ વર્ષની પુત્રી તે તો ગૌરીરે કહેવાય, તેને કન્યાદાન દે તો કોટી યજ્ઞ ફળ થાય. ૧ પણ પુત્રી કેરા પિતાને, કોઇ

સમજાવી કહો વાત, હેવ વિવાહનું ફળ જેને વરસ થયા જો સાત ૨ પુત્રી કેરા પીતાને, કોઇ કહેચોરે ધવધવ, ગાંધર્વ વીવાહનું ફળ જેને વર્ષ થાય જો નવ એમ કરતાં વળી વચમાં આવી પડે કાંઇ વાંક મનુષ્ય વીવાહનું ફળ જેને અગીયારે આડો આંક ૪

કડવું ૨૧ મું.

રાગ આસાવરી—ચિત્રલેહા એણીપેરે બોલી સાંભળ સૈયર વાત, તારે કાજે નહિ પરણાવે બાણુ તારો તાત, ૧ તારે કાજે જો પરણાવે છેદાય રાયના હાથ, તારે કાજે નહીં પરણાવે પ્રધાન મારો તાત, ૨ તાત કેરી આજ્ઞા લેઈ, આવોને ઓખાય, વચન સાંભળી ઓખા વળી ત્યાંથી ચાલી જાય ૩

કડવું ૨૨ મું

રાગ સામેરી—ઓખા તારે શ્રવણે ઝબકે ઝાલરે, ઓખા તારા કુમ કુમ રાતા ગાલરે; ઓખા તું તો ચાલે હંસની ચાલરે, ચોળીરે રંગરે ઓખા તારી ચુંદડીરે ૧ ઓખા ઓખા તારે બાંહે બાજુબંધરે, ઓખા તારૂં મુખડું પુનમચંદરે ૧ ઓખા તારે મન ઉપજ્યો આનંદરે, કસબીને કોરરે ઓખા તારા સાળુડેરે ૨,

સાખી—નેહેરે બેની તારે વિછુવા, કરકંકણ મુદ્રિકાને હાર એ પુરૂષ વીના પેહેરે પ્રેમદા, તેનો ધીક પડયો અવતાર. ૧ સેંથો ટીલડી રાખન નેણે કાજળ કુમ કુમ આડ; પુરૂષ વીના પેહેરે જે પ્રેમદા; તેનો ધીક પડયો અવતાર. ૨ (ચોપાઇ ચાલકેર) બાઇએ તોડી નાંખ્યા હાર રે, આતું લે તારો શણગારરે હું તો નહીં પામું ભરથારરે, નહી ઓઢું ઘાટડીરે. ૧ બાણાસુર મારો બાપરે મારાં કોણુ જનમનાં પાપરે મુને નહી પરણાવે બાપરે, જોઉં વાટડીરે ૨.

કડવું ૨૩ મું.

રાગ ગોડી—વર વરવાને યોગ્ય થઇને, પ્રગટયાં સ્ત્રીનાં ચેનજી ઓખા કહે છે ચીત્રલેહાને વાત સાંભળ મારી બેહેનજી. સૈયર શું કીજે, અનીહાંરે દોહેલા કેમ લીજે: મારી બેનીરે દોષ કર્મને દીજે, અનીહાંરે કે વિષ ઘોળી ઘોળી પીજે, ટેક આજ મારે ભુડું જોબનીયું

મદ પુરણ મારી કાયજી; પીતા તો પ્રીછે નહી મારો કુંવારો ભવ કેમ જાયરે સૈયર ૧ સાસરે નીત્ય જાયને આવે, સૈયર તુજ સમાણીજી, હું અપરાધ હરખે પીડાણી આંખે ભરૂં નીત્ય પાણીરે. સૈયર ૨ એરે દુઃખ હું દુબળી ; મને અન્ન ઉદક નવ ભાવેજી, આ અવાસ રૂપી શુળીએ સુતાં તો નિદ્રા કેઈ પેર આવેરે. સૈયર ૩ જળ વિનાની વેલડીને લુણ વિના જેવું અન્નજી ભરથાર વિના ભામની એતો દોહલા કાઢે દનરે સૈયર. ૪

કડવું ૨૫ મું.

રાગ મેવાડની દેશી—ઓખાને કહે ચીત્રલેહી જો, તું તો સાંભળ બાલ સ્નેહી જો; આપણ મોટા માબાપના છોરૂ જો કેમ કહિએ કાળુ કે ગોરૂ જો. ૧ બેની લાંછન લાગે કુળમાં જો, પ્રતીષ્ઠા જાય એક પલમાં જો; અમે તો તમ પાસે ન રહીએ જો, જઈ બાણાસુરને કહીએ જો. ૨ વાત બાણાસુર રાય જાણે જોરૂ આપણા બેનો અંતજ આણે જો; મને મેલી ગયો તારી જો, તારો બાપ રહ્યો વિશ્વાસે જો: ૩ મેં તો ન થાય તારૂ રક્ષણ જો; તુજમાં દીશે છે, અપલક્ષણ જો; બેની છોકરવાદ ન કીજે જો, તારા બાપ થકી તો બીજે જો ૪ તને દેખું છું મદમાતી જો. નથી પેટ ભરી અને ખાવી જો, તારૂં વચન મુને નથી ગમતું જો જોબનીયું હશે સકિને દમતું જો. ૫

અવાસ એક સ્થંભ વિષે, વ્રત કીધું ઓખાયરે;
સ્વપ્નામાં સંજોગ સ્વામીનો, ભટ પ્રેમાનંદ ગાયરે;

કડવું ૨૬ મું.

રાગ ઢાળ—બાઈ તુંએ કુંવારી હુંએ કુંવારી સાંભળ સૈયર વાત ગોર્યમાની પુજા કરી; જો પામીશું નાથ ૧ કોણ મસવાડે કોણ મસવાડે કોણ દહાડે, ગોર્યની પુજા થાય; મને કરીને આપો પુતળાં હું પુજુ માયરે, ફાગણ વદ બીજના દહાડે કરવુ રે સ્થાપન; ચઇતર સુદી ૩

કડવું ૨૭ મું.

રાગ ધોળ–ગોર્યમાં માગું રે ગોર્યમાં માગું માગું મારા બાપનાં રાજ; માતા સદાએ સોહાગણી; ૧ ગોર્યમાં માગું રે મારા ભાઈનાં રાજ, ભાભી તે હાલ હુલાવતી ૨ ગોર્યમાં માગું રે મારા સસરાના રાજ સાસુને પ્રજા ઘણી ૩ ગોર્યમાં માગું રે દિયર જેઠના રાજ, દેરાણી જેઠાણીનાં જોડલાં ૪

કડવું ૨૮ મું

રાગ ઢાળ–એક દહાડો ચિત્રલેહાને, ઉંઘ આવી સાર, વાસી પુષ્પે કરતી પુજા ઓખા તે નીરધાર. ૧ એટલે ચિત્રલેહા જાગી, જુવે તો વાત વિપ્રિત, વાસી પુષ્પ ચઢાવ્યાં દીઠાં થઇ રહી ભયભીત. ૨ વાસી પુષ્પે પુંજા કીધી, નહિ પામે ભરથાર. ભરથાર જો હું નહિ પામું તું સાંભળ મોરી માય. ૩ આલે તારાં પુતળાં, મારી પુંજે બલાય; ઉપર પાણી રેડીએ તો આપુરાં ધોવાય. ૪ ઉંચેથી પછાડીએ તો, ભાંગી ભુકો થાય; તું આ લે તારાં પુતળાં, મારી પુંજે બલાય. ૫

કડવું ૨૯ મું.

સાખી–શીવનાશી જેવા રાણા, જેણે નેત્રે બાળ્યો રે કામ; ત્રિપુરા દઇત્યને વિદારીયો, હું તો કેમ મેલું નામ ૧ શીવ અખંડાનંદ જોગુ; ગંગાધરી શિષ; ભાગીરથી તપથી ઉઠાડીયા, હું કેમ મેલું તે ઇશ. ૨ શીવ ભોળો સુવે સમશાનમાં, ચોળે ત્યારે રાખ; ભીક્ષાવૃત આપે તેને લાખ. ૩

કડવું ૩૦ મું.

ઢાળ–હિમાચળની ભાણેજીબાઇ, ગણપતી મારો વીદ; મહાદેવજીની પુંજા કરીયે, મન રાખીને ધીર, ૧ ખચેરીગતમાં ઓખા ચાલ્યાં તેનો કહું વિસ્તાર; સ્નાન કરીને કામનીયે તો, સજ્યા સોળ શણગાર રે ૨ નેપુર વાજે ત્રિંછવા ગાજે, ઝાંઝરના ઝમકાર; નાગ દમણી જુમણુને વળી, ઉપર એકાવળ હાર, ૩ જડાવ ચુડલો જુલતી દામણી દામણીયે ચકલીઓ ચાર, પગે પાત્રલાં ને નેપુર વાગે, ઘુઘરીનો ધમકાર ૪

વાળે વાળ મોતી પરોવ્યાં, મોતીની શેરો સોળ; દરપણ લીધું હાથમાં ને, મુખે ભરીયાં તંબોળ.૫

કડવું ૩૧ મું.

સાખી—ઓખા કહે તે અમે પેઠા પાણીમાં, તરવા તુંબા ગ્રહ્યાં હું આવી સમુદ્ર વચમાં, તુંબા ફુટી ગયાં. ૧ ઓખા કહે છે તરસ લાગી મારા તનમાં સરોવર તીરે હું ગઇ, પીવા ઝબોળી પાય, મારાં ભર્યાં સરોવર ગયાં સુકાઇ, ૨ આણી તીરેથી અમે અળગાં થયાં, પેલી તીરે નવ ગયાં કર્મ તણે સંજોગે, અમે મધ્ય જઈ વચ્ચે રહ્યા. ૩ હું તો આવી ઈશ્વર પુંજવા, સામો દીધો શ્રાપ, પરણ્યા પહેલું રંડાપણ થયું, મારાં કયા જનમનાં પાપ, ૪ ઉમીયા તું તો મોરિ-માવડી. છોરૂના દીજે છેહ; મવિત્ર તમો કેમ છુટશો હું તો પુત્રી તમારિ તેહ. (ઢાળ) પ્રેમે પ્રદક્ષિણા કરીને, કરજોડી ઉભી બાળ; પાર-વતિ કહે માગ્ય વર. હું આપું તે તત્કાળ. ૧ ઓખા વળતું વચન બોલી, હરખશું તેણી વાર, માતા મુજને આપીએ મારા મનગમતો ભરથાર. ૨ ત્રણવાર માંગ્યું ફરિ ફરિને, મુને વર આપો આદિશ, લાજ મુકીને ઓખા બોલી, તવ ચઢી પાર્વતિને રિશ. ૩ નિર્લજ થઈ તેં કામજ કીધું માટે દેઉં છું તુજને શ્રાપ; જા પરણજે ત્રણવાર તું, એમ બોલ્યા પાર્વતી આપ. ૪ વળી ત્રિજે કહ્યું ને તે તેરસે આવી, તારે ત્રણ હજો ભરથાર શ્રાપ એવો સાંભળીને, કંપી રાજકુમાર. ૫ પુરૂષને નારિ ઘણેરી, તું સાંભળ મોરી માય; નારીને તો બીજો, શ્રવણે સુણ્યો નવ જાય ૬ માધવ માસ આવશે, દ્વાદશિનોદન, ત્યારે સ્વપ્નામાં આવી પરણસે, પ્રાણતણા જીવનં ૭, તું જાગ્યા કેડ ઓળ-ખજે; તને કહું છું સત્ય વિવેક; ત્રણવાર તો પરણસે, પણ વર તો એકના એક ૮ વર પામી ઓખાબાઇ ચાલ્યાં, મંદીર મારિક્ષે સાર; અરે બાઇ હું પરણિ આવી સુંદર વર ભરથાર. ૯ એમ કરતાં ઓખા-બાઈનાં દિન ઉપર જાય દિન; સુંદર માધવ માસ આવ્યો દ્વાદશીનો દન. ૧૦ સુંદર સજ્યા પાથરિને શણગાર્યું ભોવન; આજસ્વપનંતરમાં આવસે, મુજ પ્રાણતણો જીવન ૧૧

કડવું ૩૨ મું.

રાગ ધોળ—સ્પપ્નાંતરમાં દીઠી સોરઠીયાની જાનરે સ્વપ્નાંતરમાં વડસસરો ભગવાનરે. ૧ સ્વપ્નાંતરમાં ખળકે મીંઢળ ચુડીરે, સ્વપ્નાંતરમાં ઓખા દીસે છે અતી રૂડીરે, ૨ સ્વપ્નાંતરમાં કરે છે પીઉજીશું વાતરે; સ્વપ્નાંતરમાં હશી હશી તાલી લે છે હાથરે, ૪

રાગ મારૂ—ઓખા ભરીરે નિંદ્રામાંથી જાગી, અંગો અંગ અંગુઠી લાખી, ફટ પાપણીએ શીદને જગાડી, મને ભર્યા અમૃતમાંથી કહાડી, ૧ ફટ પાપણીએ શું કીધું, અમૃત લઈને વીખજ કીધું, બીડી પાનની અરધી કરડી, ખાધી મન વિના મુખ મરડી, જુઓ મહારા કર્મની કરણી, વરશે મેલી ગયા મુને પરણી, મહારા પીઉને મતી જે આવી, મહારા નાથ ગયારે રીસાવી. ૩ મહારા હઇયા કેરો હાર, આણિરે આપે આનીવાર.

કડવું ૩૩ મું.

રાગ સોરઠ—સચર સતરૂંસે થઇને સ્વમાંમાંથી જગાડીરે હો ઉમીયાનો વર આજ સફળ થયોને જપતાં છે દહાડી દહાડીરે હો ૧ અધવચ કુવામાં મુજને ઉતારીરે નનેથી વરત મેલ્યું વાઢીરે હો, બાગ બગીચામાં ફુલ ફુલ્યા છેરે હો ફુલી મારી તનડાની વાડીરે હો ૨

કડવું ૩૪ મું.

સાખી—ચંદા તું તો જીવો કરોડ વરસ, સ્વપ્ને થયો સંજોગ; શ્રાપ દેઉં છું સુરજ દેવતા; મુજ જાગે પડીયો શી જોગ, ૧ સ્વપ્નામાં મહારા પીયુજીશું અમે કરતાં લીલાલહેર, અમૃતરસ હું પીતી હતી, તેમાં તે મેલ્યું ઝેર ૨ કંથ વિજોગ એ કામની, ગઇ પંડિતની પાસ; ભુલ જે પુછું પંડિતો, એક દીન કે હોતિ માસ. ૩ ફરી ફરી પંડિત એ કહે, સાંભળ ઓખા કરજોડી; શોધી લહો એ પીઉજી; એક વરસે કરોડ ૪ ઓખા પુંછે ઓ પક્ષીડા તારી બે પાંખો માગીશ; હું મહારા

સજ્જનને મળી; તારી પાંખો પાછી દઇશ ૫ પાંખપ્યારી પંથતો વેગળો, તારો પિઉ કોણુજ દેશ, માગીતાગી પાંખડીયે તારા સજ્જનને ક્યાંથી મળશે. ૬

રાગ ધરાડી—મધ્યનીશાસમેરે માળીયામાં પેતીરે રાજકુમાર; ક્યાં ગયો ક્યાં ગયોરે બાઇ મ્હારો સ્વપ્નાનો ભરથાર મીઢળ મારૂં ક્યાં ગયુંરે, બાઈ મારો ચુડલો હતો જે હાથ; દાતામાં ઢળી ગયુંરે બાઈ મારે અમૃત આવ્યું જે હાથ ૨ પિયુ પરદેશીયારે; ભુંડા મને લીધી શે નવ સાથ; આજ વેરણુ થઇરે, બાઈ મ્હારા સ્વમા કેરી વાત, દલવિ સખી વીખ પીઉંરે, બાઇ મ્હાગ કાઢું પાપી પ્રાણ; હવે કેમ કરૂંરે, બાઈ મને વાગ્યાં વિરહનાં બાણ. ૩ પાપી મારો જીવડોરે, ઓખાબાઈએ પડતું મેલ્યું ધરણુ રોતાં રોતાં જ્યાં ગયારે, ઓખાબાઇએ રોપીયું વાડીવન. ૫

કડવું ૩૫ મું.

સાખી—ઓખા રૂવે ચિત્રલેખા વીનવે ઘેલી સહીયર નવરોઇ સ્વપ્ને દીઠું જો નીપજે, તો દુઃખ ન પામે કોઇ; ૧ જળ વલોવે માખણુ નીપજે, લુખ કોઇ નવ ખાય, મુને વહાલી હતી અતિ સખી તું તો ચિત્રલેહાય. ૨ વેરણ થઈ વીધાત્રિ એણે આવા લખીયા આંક. એકવાર આવે મારા હાથમાં, તો ઘસીને વાઢુ નાક. ૩ કરમ લખાવે તો લખે, ભરીને મેલ્યો આંક; કરણી પ્રાણી ભોગવો; તેમાં વિધાત્રિનો શો વાંક ૪.

કડવું ૩૬ મું.

રાગ આશાવરી—સ્વપ્નું સાચું ન હોય, સહીયર મારી સ્વપ્ન સાચું ન હોય ટેક. એક રંક હતો તે રાજ્ય પામ્યો, સ્વપ્નાંતરમાં સાર હસ્તી જુલે તેને બારણે રથ ઘોડા પરમ વિશાળ જાગીને જોવા જાય ત્યારે, ગાંધર્વ ન મળે એક સ્વપ્નું ૧ એક નીરધનીયો તે ધન પામ્યો, સ્વપ્નાંતરમાં સાર; તેને દેશવિદેશ વહાણુ ચાલે વાણોતર છે સાર; જાગીને જોવા લાગ્યો ત્યારે કોને લાવે પાસ સ્વપનું. ૨

કડવું ૩૭ મું.

રાગ કલ્યાણ—ચિત્ર ચાળીને વાનો વાળીને; ભેળીને પટ મેલીને, લેખણ લાવીને કરમાં સાહીને રંગ ભરતીરે ચીત્ર કરતીરે. ૧ હવે સ્વર્ગના લોક લખાયરે લખ્યા સ્વર્ગ લોકના રાયરે; ઉપર લોક લખ્યું ને ભુરલોક લખ્યું, જમ લોકને તપલોક લખ્યા. ૨ સત્ય લોક લખ્યોને વઈકુંઠ લખ્યું, ગુણલોક લખીયો મે ગાંધર્વ દેશ લખીયો; હવે ઓખાબાઈ તયે ઓરાંઆવો આમાં હોય તેને આવીને બોલાવોરે ૩ ઓખા આવીને કાગળમાં જોયચે, એ તો રાતે રાતે લોચને રોયરે, બાળ્ય બાળ્ય આતો નથી ગમતુંરે; એને મેલો કઇને રમતુરે ૪ ચિત્ર ચાળીને વાનો વાળીને, લેખણ લાવીને કરમાં રણુવગડામાં સાહીને રંગ ભેળીને પટ મે હવે પાતાળલોક લખાયરે. ૫ અતલ લખીયુંરે વિતળ લખીયું, શેતુપાળ લખીયુંને પાતાળ લખીયું તળાતળ લખીયું રસાતળ લખીયું, મહાતળ લખીયું તેણીવાર સે; ૬ લખીય પાતાળલોકના રાયરે, નાંગ લોકનાયરે, નાગ લોક લખીયા તેણીવારરે વાસુકી નાગ લખીયાને ત્રિશ્રકનાગ લખીયા પુંડરીકનાગ લખીયાને મણીધર નાગ લખીયા શેષનાગ લખીયા તેણીવારે ૭

કડવું ૩૮ મું.

સાખી—સોરઠદેશ સોહામણો મુંજને જોયાના કોડ; શ્રીરત્નાગરને ગોમતી, ત્યાં તેરાજ કરે રણછોડ. તેનો એળે અવતાર. ૨ સોરથદેશ સોહામણો વેલ વેલ કેમ કરંત; ગંગોદક ભરી કાંચુકી, રાય હરી ચરણે ધરંત ૩ સોરઠા સુઘડ માનવી; રાજ નીતનીત કરે કહેવાય; એક નગર નહીં માનવી, તેને ઉભા ઉભા જુહાર ૪ રાગ ૪ રાગ હુલારી-આજરે સ્વમામાં દીઠી સોરઠીયાની જાનરે જાણ્યું રે જાદવરાય આવ્યા પરણાવજો; આજરે, સ્વમામાં દીઠી ગોમતીની તીરરે, આજ સ્વમામાં દીઠા હળધરજીના વીરરે સ્વમામાં દીઠા સુંદર વર ભરથારરે, તેમાં અડધાં ઉંધ્યાં ને અડધાં જાગતાંરે.

કડવું ૩૯ મું.

રાગ કલ્યાણ— ચીત્ર ચાલીને વાનો વાળીને, રંગ ભેળીને પટ મેલીને રંગ ભરતીરે ચીત્ર કરતીરે, લેખણ લાવીને કરમાં સહી. ૧ હવે સોરઠ દેશ લખાયરે, ત્યાં નગર લખીયું દ્વારકાંયરે; લખી જાદવ-

પતી રાજ્યાનીરે તેની શોભા તો સુરજ સમાણીરે. ૨ લખીયો જાદવ પરીવારરે; ઉગ્રસેન લખીયા તેણીવારરે; કૃતવર્મા લખ્યા સાત્વીક લખીયા ઓધવ લખીયાને અક્રુર લખીયાં; ૩ વાસુદેવ લખાયા તેણીવારરે; ઓખા આવીને જુવોને ભરથારરે; બાઈ તે તો એંધાણ મળીયાં, આ ઘડાને માથે પળિયાંરે. ૪ તેને માથે મુગટ કુંડળ કાનેરે એવા જે લખાયા ભગવાનરે; ઓખા આવી જોવાને ભરથારરે, બાઇ તેના મુખ સરખું રૂપ તેના ચાળારે. ૫

વલણ–એમ કહીને અનીરૂદ્ધ લખીયા, ક્ષણ ન લાગી વારરે. મુખ મરડી ઉભી રહી, બાઈ એ મારો ભરથારરે. ૧૧

કડવું. ૪૦ મું.

રાગ દાસ–ચિત્રલેહાના હાથમાંથી પેલું લખીયું પુતળું જેહ; પ્રેમ આણી ઓખાબાઇએ, ઝુડી લીધું તેહ, ૧ કરમાં લઇને કામની, કાંઈ દે છે આલીંગન, માક્ષીયામાં મેલી ચાલ્યા પ્રાણતણા જીવન. ૨ આણીવાર હું નહી જાવા દેઉં, મેં ઝાલ્યો છે છેડો, મારા પીઉંજી પરવરો તો, મુજને સાથે તેડો ૩ ચિત્રલેહા એણીપેર બોલી બોલી સન્જેડ છે જે'; તે તો પહોંચ્યો છે દ્વારકામાં, આ તો ચિત્રામણના ઘોડારે. ૪

કડવું ૪૧ મું.

રાગ પરજ–આપો આણી, એ વર મુને આપો હો આણી નીકર કાઢું મારો પ્રાણ, એ વર મુને આપો હો આણી ટેક, મેં તો સ્વપન દીઠો જે છોગાળોરે, તેની પાંપણનો છે ચાળોરે, મારૂં મનડું હર્યું લટકાળે, તે વર મુને આપો હો આણી. ૧ જેનાં દીર્ઘબાહુ અજાણરે, મકરાકૃત કુંડળકાનરે, અંગ સોભે એ ભીનેવાન તે વર મુજને જેના લક્ષણ વીસને બારરે, મુને પરણી ગયો છે કાલરે, તેને વરસ થયાં હશ બાર વરસનું ૩

કડવું ૪૨ મું.

રાગ મારૂ—ઓખા કહે છે સુણ સાહેલી, લાવ્ય કંથને વહેલી વેહેલી, બાઇ બાઇ તું છે સુખની દાતા, લાવ્ય સ્વામીને થાય સુખ સાતા. ૧ ચતુરાને કહે ચિત્રલેહા, બાઇ આણવાના ઉપાય કેવા, દુર પંથ છે દ્વારામતી, કેમ જવાય મારી વતી. ૨ ત્યાં જઇ ન શકે રાયશક, રક્ષણ કરે સુદરસનચક, જાવું જોજન સહસ્ત્ર અગીયાર, તારો કેમ આવે ભરથાર. ૩ નયણે નીરની ધારા વહે છે, કરજોડીને કન્યા કહે છે, બાઇ તારી ગતી છે મોટી, તેને કોઇ ન કરી શકે ખોટી, ૪ સઇયરને સઇયર વ્હાલી છે, મેં જમણે હાથ ઝાલી, આપણ બેઉ જણ સંઘાતી. તું પ્રાણદાતા છે વિધાત્રી. ૫

કડવું ૪૩ મું.

રાગ ઢાળ—ચીત્રલેહા કહે ઓખાબાઇ, મારે દ્વારકામાં જાવું પ્રભુના ઘરમાં ચોરી કરવી, નથી લાડવા ખાવું. ૧ અગીયાર સહસ્ત્ર જોજન જાવું, હરવા શ્રી જુગદીશ. સુદરશન જો ચક્ર મળે તો છેદે મારૂં શીશ. ૨ બાઇ તુજને તાણ તો નવ પડેને જેમ તેમ વહેલી થાને, લાવ્ય મહારા કંથને તું ખોટી થાય છે શાને ૩ જાતી વેળા ઓખા કહે છે, મારો વર છે રૂડો; કરમે મળ્યાં છે કુંવારા, માટે રખે પેહેરતાં ચુડો. ચીત્રલેહાએ કહેવા માંડયું, મનમાં રાખે ધીર, તું જ સ્વપ્નામાં પરણી ગયો મારી માડી જાયો વીર. ૫ ત્યારે ઓખા કહેવા લાગી, જોઇ રહી વાટડી, મારો વર રૂડો જાણી, રખે ઓઢની ઘાટડી. ૬ હું નહી ઓઢું ઘાટડી, તું એ શી બોલી વાત, તુજ સ્વપનામાં પરણી ગયો મારી માડી જાયો ભ્રાત. ૭ એવું કહીને ઉડી તે, પવન વેગે જાય, આકાશ માર્ગે સંચરી પહોંચી ગોમતી માંય. ૮ ગોમતીમાં મરદન કર્યું ને વિચારીયું તે કામ, પ્રભુના ઘરમાં ચોરી કરવી, નહી એકલાનું કામ. ૯ પછી તેણે નારદ મુની સંભાર્યા તતક્ષણ આવ્યા ધાઇ; કહેરે મુજને કેમ સંભારે, ચીત્રલેહા બાઇ. ૧૦ બાણા-સુરની દીકરીને, લાગ્યું છે સ્વપ્ન: અનીરૂદ્ધ સેજે વરી ગયો, વિઠ્ઠળ

થયું છે મન. ૧૧ ચોરી કરવા હું આવી, સુદર્શન આડું થાય; તે માટે તમને સંભાર્યા કરવા માહારી સહાય, ૧૨ નારદ કહે છે ઓરે બાઈ, એમાં તે શું કામ: એક તામસી વીદ્યા એવી ભણાવું, ઉંઘે બધું ગામ. ૧૩ ચીત્રલેહા કહે સાચું કહ્યું. પણ છેતરવા જુગદીશ પેહેલું સુદર્શનચક્ર મળે તો છેદે મારૂં શીશ. ૧૪ ચકરની ચીંતા નવ કરશો. જે માર્ગે જાશે ચોકી ફરવા તેરે માર્ગે હું જઈશ, બેસાડીશ વાતો કરવા. ૧૫ પછી તામસી વિદ્યા ભણાવી જીભે જપતી જાય; ચોસઠ કળામાં ચામુંડા તે, ડબક ડેલું ખાય. ૧૬ ગામ તો ધારણ પડયું, ને ઊંઘ્યા લોક ચીત્રલેહા નગરમાં પેઠી મુકી મનનો શોક. ૧૭ નારદે વિચાર્યું ચીત્રલેહા અનીરૂદ્ધને લઇ જાશે; શીવને શામળીયો વઢશે; યુદ્ધ જોવા જેવું થાશે; ૧૮ ચકર ચોકી ફરતું આવ્યું; માર્ગમાં નીરધાર; તે માર્ગે સામા મળીયા નારદ બ્રહ્મકુમાર, ૧૯ નારદ કહે છે ચકરને તું દહાડી જાય છે ફરવા એક ઘડીવાર બેશને મુજ સાથે વાતો કરવા. ૨૦ તું ને હું તો કયાં મળીશ તું સાચી કહેને વાત કોઈ દહાડો મુજને સંભારે દવારકાનો નાથ ૨૧ ચકર મુખથી બોલીયું વળી મારૂં તે ધનભાગ્ય તમારા દર્શનની તો કયાંથી પામું લાગ. ૨૨ ભોળું ચકર સમજ્યું નહી બેઠું નિરાંતવું થઇ, પેલી નારી પેઠી નગ્રમાં ચોરી કરવા ગઇ ૨૩ જોતી જોતી જ્યાં ગઇ કૃષ્ણ તણું રે ભાવન, ત્યાંથી આઘેરી પરવરી જ્યાં પરોઢયો પ્રદયુમન ૨૪ ત્યાંથી આઘેરી પરવારી મહાવિષ્ટ કેરો વીર, સોડ વાલીને સુઈ રહ્યો મહા ધનુષધારી ધીર ૨૫ હમણાં જો હું એને જગાડું મહારા મારી કરે કટકાય માથે હીંડાળો લેઈ લીધોને ઉલટ અંગ ન માય. ૨૬ જુગત અંબે કરંતી તે જાય હીંડાળો લઇ જાતા દીઠો નારદે તો ત્યાંય ૨૭ હીંડાળો લઇ પરવરીને સમર્યા વઇકુંઠ નાથ, પવન વેગે સંચરી આકાશ માર્ગે જાય ૨૮ બે ઘડીમાં આવી પહોંચી, શોણીતપુર મોજાર તે ઠેકાણે નારદજીએ મન કર્યો વિચાર. ૨૯ એ જ્યારે ગઈ ત્યારે હુંએ મારે જાઉં; તેણે તેનું કામ કર્યું, હું ખોટી સીદને થાઉં. ૩૦ નારદ કહે છે ચકરને તું નીકળ્યું ચોકી કરવા, આવડી વાર મુરખ કેમ બેઠું મુજ સાથે વાતો કરવા ૩૧ નારદ કહે છે ચકરને ઉઠ રાખ તારૂં ગામ કાલે

પછી ચોરી થશે તું ન લેઇશ મારૂં નામ ૩૨ આકાશ માર્ગે પક્ષિણી તે વેગે ચાલી જાય ઓખાબાઇ તો વાટ જુએ છે, મંદીર માળીયા માંય ૩૩ વા વાય ને બારી હાલે, ખડખડાટ બહુ થાય ચીત્રલેહા પાપણી તે હજુએ ન આવી આંય ૩૪ ચીત્રલેખા ચાલી આવી મંદીર માળીયા માંય, ભલે લાવી હું જગાડું ભરથારરે.

કડવું ૪૪ મું.

રાગ આશાવરી-ઉંઘ્યા પીઉ જગાડીએ, ભર નિંદ્રામાંથી ઉઠાડીયે, મન સંગાથે અત્રા બીજીએ બ્રહ્મહત્યા તો શીદ લીજીયે ૧ ભરથાર પહેલી ભામની જે અન્તરાથી ખાય વાગોળ થઇ અવતરે ઉંધે મસ્તકે ટંગાય ભરથાર પહેલી ભામની જે સુવે જ્યાં માય આંધળી ચાકેરણુ અવતરે પડ માર્ગમાય ૨ ભરથારનું જે કહ્યું ન માને આપ મતી જે નારી રે તો નારી અવતરે કાંઇ બીલાડી મંજારી ૩ ભરથારનું જે કહ્યું ન માને કરે તરંફ્રોડા કંથ હડકાઇ કુતરી અવતરે એણે માથે ઘડશે જંત ૪ ઓખા કહે છે ચીત્રલેહાને તું તો બોલે આપ પીઉ પોઢયો હોય પારણે કરડવા આવ્યો હોય સાપરે.

કડવું ૪૫ મું.

રાગ સાખી-સ્ત્રી ચરિત્ર અનેરડાં, કોઈ તેનો ના લહે ભરમ સ્ત્રી શામને ભોળવે પણ ખોયો પોતાનો ધર્મ ૧ રાગ ઢાળ ઓખા કહે છે ચીત્રલેહાને, હવે ન બોલીશ આડું, તું કહે તો મારા પીઉને પગે ચાંપી જગાડું ૧ ચીત્રલેહા કહે ઓખાબાઇ આવડી ઉતાવળી શું થાય, એ મોટાનો કુંવર કહાવે, કાંઇક હશે હથીઆર ૨ ઓશીકે જઇ જોવા લાગી, તો મોટી એક ગદાય ઉપાડીને અળગી કીધી ઓખા ચાંપે પાયરે. ૩

કડવું ૪૬ મું.

રાગ મારૂ-મહાબળીયો તે જાગીયો, તેના બળનો નાવે પારરે, હકૂડ હાક મારી કીધો છે હોકારરે. ૧ રમક ધમક ડગલાં વાગે ઠારો ઠારરે, આ તો ન હોયરે ન હોય, મારા બાપજીનું ગામરે, દ્વારિકામાં વસે સઘળા વઇષ્ણુવ જનરે, અહો રાત્રી બેઠા કરે છે ત્યાં સહુ કીર્તનરે, ૩ ભજન નાદ કેરા ચરડકા તે હોય અપારરે, ભુત ભઇરવ જોગણી અસુર કોઈની નારરે, ડાકણી છો સાકયણી છો કોણ છો બલાયરે, ચીત્રલેહા કહે છે વીરા, ખમા ખમા ખમાયરે. ૫

કડવું ૪૭ મું

રાગ દેવગ્રી–અનિરૂદ્ધ તે જાગીને પેખે ભુવનથી આરૂડા દેખે કોણ કારણ અમને લાવીયા હો. ચીત્રલેહા બોલી શામી ૧ તમને લાવી છું જાણી ઓખાને કરો પટરાણી વર વરવાને અર્થે હો તમને લાવીયા હો ૨ તમે નારી છો ધન્ય દીસો છો કુંવારી કન્યા પરણુ તો થાય છે અન્યા કેમ પરણુ હો અસુર નંદની હો. ૩

કડવું ૪૮ મું

રાગ ધવળ—બાણાસુરની નગરીમાં ગડગડીયા નીશાનરે એણેને શબ્દે અનીરૂદ્ધ જાગ્યારે ૧ જાગ્યા જાદવરાય જુગતી ન દેખેરે ૨ પેખેરે પેખેરે પેખે અસુરના માળીયા ૩ આ તો ન હોય અનારી નગરી ન હોય અમારૂં ગામરે ન હોય ન હોય કનકની દ્વારીકારે ૪ ન હોય અમારી વાડીરે; અમે રમતા દહાડા દહાડીર. ન હોય પુષ્પ કનકનો ઢોલીયોરે. ૫ અહીંયા નાદ ઘણા વગે રણતુર ઘણેરા ગાજેર ન હોય ન હોય શંખ શબ્દ સોહામણોરે ૬ મને કોઇ રંડા લાવીરે, મારી દ્વારીકા છંડાવીરે, કોઇરે ભામનીયે મુજને ભોળવ્યોરે, ૭ આતો ઉંચા ઉંચા માળ લોઢે જડયા કમાડરે; રત્નાગર સાગરસે નથી ગાજતેરે ૮ ચિત્રલેહા બોલી આળરે, તમે જોઇને દેજો ગાળરે આવ્યા છો, આ કન્યા સુખે વરોરે ૯ ત્યારે અનિરૂદ્ધ બોલ્યા વાત, મુછ ઘાલી હાથરે, જાણી જોઇને જાત ગળીમાં કેમ બોળીએરે મારો વડવો જુગજીવન, અમે પ્રદ્યુમન રાયના તાતરે, તે માટે નહી પરણું દૈત્યની દીકરીરે ૧૦ ચિત્રલેહા બોલી વાત ઢાંકી રાખો તમારી જાતરે; હવડાં વાતો કાઢીશું વડુવા તણી. ૧૧ સનકાસુરને મારીરે સોળહજાર લાવ્યા નારીરે તારા સમજો તારા બાપા એકે નથી પરણીરે. ૧૨ એક લગ્ને વરી નવ પુછયાં કુળને પરીયાંરે; જાતભાત કોઇની પુછી નહીરે ૧૩ તારા બાપની જે ફઇ, અરજુન સન્યાસીને ગઇરે, મોં કાઢીને બોલે એવું છે નહીરે. ૧૪ જેણે વાયો વંદ્રાવનમાં વંશ, જેણે માર્યો મામા કંસ ધાવતાં મારી માસી પુતનારે. ૧૫ ધાવતાં મારી માસીરે કરી રાખી કંસની દાસીરે, કુબ્જાના કુળની વાતો કહેતાં નથીરે. ૧૬

કડવું ૪૯ મું.

રાગ ઢાળ–અનીરૂદ્ધ વળતો કોપીયોને, કયાં ગઈ મારી ગદાય, તમારા બે જણના હવે મારી કરૂં કટકાય ૧ તમે જાણ્યું અહીયાં લાવી કર્યું ભલેરૂં કામ, તમને બે જણને મારી. ઊડી જાઊં દ્વારીકા ગામ. ૨ ઓખા

ત્યારે થરથર ધ્રુજી, વેગ આવી આડ, મારા પીંઉજીને હું મનાવું તે લાવી તે તારો પહાડરે

કડવું ૫૦ મું.

રાગ સીધવો—મહારા સોરઠી સુજાણ મળ્યાં મને મેલસોમાં મારાં જીવના જીવન પ્રાણ, મળ્યા મને મેલસોમાં, ૧ મારા શરીરના શણગાર મળ્યા સોહામણોરે મને મેલશોમાં, મારાં હઇડા કેરા હાર મળ્યા મને મેલેશોમાં. ૨ મારી સાસુડીના જાયા, મળ્યા મને મેલશોમાં સ્વપ્ને શીદ ઝાલ્યો તો હાથ મળ્યા મને મેલશોમાં, તમે ચાલો તો કાઢું પ્રાણ, મળ્યા મને મેલશોમાં ૪ ત્યારે અનિરૂદ્ધ બોલ્યો વાણ, સાંભળ સુંદરી; અબળાએ નાંખો બોલ અમશું ઉથલડી ૫, મારા વડવાની વાત કાઢીને વઢી ત્યારે ઓખા બોલી વાણ, એ છે દાસલડી. ૬ કોભાંડની તનયાય, પગની ખાસલડી; ત્યારે અનીરૂદ્ધ બોલ્યો વાણ. હવે હું તને વરૂં, તમે ગાળો દીધી સાર, મારૂં વેર વાળીયું ચીત્રલેહા બોલી વાણ, ગાળો દીધી સહી તમે બે થયાં છો એક. પરણાવું નહી ૮ પરણવાની પેર સઘળી મેં લહી; મને મળીયા નારદ મુન્ય, વીદ્યા શીખવી ત્યારે ઓખા બોલી વાણ, હવે વાર શાની, પરણાવવા માળીયા માય રાજ કુંવર નાહાની ૯

કડવું ૫૧ મું.

રામ ઢોળ—માળીયામાં મીથ્યા અગ્નિ પ્રગટ કીધારે, માળીયામાં દેવતા સાક્ષી લીધારે, માળીયામાં નારદ તુંબર વાયરે માળીયામાં કળશ ચોરી બંધાયરે. માળીયામાં પેહેલું મંગળ વરતાયરે, પેહલે મંગળ શા શા દાન અપાયરે, ચિત્રલેહા આપે છે કરની મુદ્રીકાયરે. દાન લે છે કૃષ્ણ તણો સંતાનરે, માળીયામાં બીજું મંગળ વરતાયરે, બીજે મંગળ શાશા દાન અપાયરે, ચિત્રલેહા આપે છે સોળ શણગારરે, દાન લેછે કૃષ્ણ તણો સંતાનરે, માળિયામાં ત્રીજુ મંગળ વરતાયરે, ત્રીજે મંગળ શાં શાં દાન અપાયરે, ચિત્રલેહા આપે છે નવસર હારરે, દાન લે છે કૃષ્ણ તણો કુમારરે, માળીયામાં ચોથું મંગળ વરતાયરે, ચોથે મંગળ શા શા દાન અપાયરે, ચિત્રલેહા આપે છે ગાયોનાં દાનરે, દાન લે છે કૃષ્ણ તણો સંતાનરે; માળીયામાં સમે વરતે સાવધાનરે; માળીયામાં આરોગ્યા કંસારરે; માળીઆમાં ચાર સોભાગ્યવતી કહી તેડાવોરે

ઓખાબાઇને સૌભાગ્યવંતી કહી બોલાવોરે, માળિયામાં અનિરૂદ્ધ પરણ્યા ઉઠયારે, માળીયામાં સોનાઈએ મેરૂ તૂઠયારે.

કડવું ૫૨ મું

રાગ ચોપાઈ ત્રિતાળ—બોલ્યા શુકજી પ્રેમ વચન. સાંભળ પરિક્ષત રાજન; મળીને બેઠી સહચર નારી; બોલ્યા વચન કૌભાંડ કુમારી. ૧ સુખ ભોગવો સ્યામા ને સ્વામી, ચિત્રલેહા કહે શીરનામી; બાઈ તું કરજે પીઉનાં જતન. રાંક હાથે આવ્યું રતન. ૨ વર કન્યા સુખે રહેજો, બાઇ મુજને જાવા દેજો, અન્ન બેનું આપે છે રાય, ત્રીજું માણસ કેમ સમાય. ૩ તમો નરનારી ક્રીડા કીજે, હવે મુજને આજ્ઞા દીજે બોલી ઓખા વળતી વાણી, મારી સૈયર થઇ અજાણી. ૪ હવે સતી ઓખા વગતી ભાખે. બાઇ કેમ જીવું તુજ પાખે; આપણ બેજણુ દિન નિરગમશું, અન્ન વહેંચીને જમીશું, ૫ દુઃખ થાશે તો દઇશું થાવા, પણ નહી દેઉં તુજને જાવા, બેની હું તો રહીશ ભુખી, તુજને નહીં થાવા દેઉં દુઃખી. હું તો આપીશ મારો ભાગ હમણાં નથી જવાનો લાગ, માબાપ વેરી છે મહારા, મેં તો ચરણ સેવ્યા છે તમારા. ૭ તુજ તાત ઘેર ન જવાય, જાણ્ય બાણાસુરને થાય, ચિત્રલેહા કહે સુણી વાણી મારી સૈયર થઇ અજાણિ. ૮ મશાન પુત્રિ કહેવાઉં છું માત્ર હું છું બ્રહ્માણિનું ગાત્ર, તુજ અર્થે લીધો અવતાર, મેળવ્યા નારી ભરથાર ૯ એમ કહી કરી પ્રસન્ન, ચિત્રલેહા ગઇ બ્રહ્મસદન, ઓખાએ આંખડી ભરી કંથે આસના વાસના કરી. ૧૦ સ્વામી આશાબંધી નારી, પછી ચિત્રલેહાને વિસારી, જે દહાડે તુજને સ્વપ્ન, તે દહાડે મુજને સ્વપ્ન. ૧૧ જાણે પરણ્યો છું ઓખાનારી, ઉઘાડી મેડીની બારી, બેને સરખી વિજોગીની પીડા, નર નારી કરે કામ ક્રીડા ૧૨ બેની ચડતી જોબન કાયા, પ્રિત બંધને બાંધી માયા, નેહ જણાવે છે ઓખા નારી, રમે રમે અનિરૂદ્ધ કુંજ બિહારી. ૧૩ જે જોઇએ તે ઉપર આવે, ભક્ષ ભોજન કરે મન ભાવે પહોંત્યો ઓખાનો અભિલાખ, પછી આવ્યો અસાડ તે માસ, ૧૪ આવ્યો વર્ષાકાળના દન, મેહ ગાજે વરસે બહુ પરજન્ય; સોહે આકાશે

વિજળી કરી બોલે કોકીલા વાણી મધુરી. ૧૫ મહા તપસીનાં મન ડોલે, ત્યાં તો મોર બપૈયા બોલે, તેમ મરદન કરે છે અંગે; કેસર ચંદન ચરચે રંગે ૧૬ આંખે અંજન આભરણ શાર, કરે તંબોળ કેરા અહાર; તપે નીલવટ ચાંદલો તેવા ચંદ્ર શરદ પુનમના જેવો, ૧૭ શીશ ફુલ સેંથો સીંદુર, તેણે મોહ્યો અનીરૂદ્ધ શુર; કાને ઝાલ ઝમકતી જોઈ કામ કુંવર રહયો છે મોહી ૧૮ નાકે સોહીએ મોતીની વાળી તેને રહયો અનીરૂદ્ધ નીહાળી મોહયો મોહયો ભ્રકુટીને જોડે મોહયો મુખને મોડે ૧૯ મોહયો મોહયો છુટી લાવટે મોહયો કેમ કલકે મોહયો મોહયો ઘુઘરાને ઘમકે મોહયો મોહયો ઝાંઝરને ઝમકે. ૨૦ ગેડાએ સુંદર કામ તેણે વિસાર્યું દ્વારીકા ગામ; ઘણું ભક્ષ ભોજન કરે આપ તેણે વિસાર્યા માને બાપ ૨૧ પામ્યો અધરામૃત પકવાન; તેણે વિસાર્યું હરીનું ધ્યાન; ઓખા સુખ તણે સાગર તેણે વિસાર્યો રત્નસાગર; ૨૨ અનીરૂદ્ધની હીંડે ઓખાની પુંઠળ ફરતા ૨૩ ઘેલો કીધો મરજાદા મેલી નવ સુજે દીવસે કે રેણી; રાત દીન નીરગમે છે રતી ચાર આંખે ઝરે છે અમી, ૨૪ સુધ બુધ તો વીસરી તહીં, એટલે ચોમાસું ગયું વહિ,

વલણ—ચોમાસું તો વહી ગયું, આવ્યો આસો માસરે; કન્યા ટળી નારી થઈ ઓખા પામી સુખ વીલાસરે.

કડવું ૫૩ મું.

રાગ મલાર—વર્ષાઋતુ વહી ગઈરે, રમતાં રંગ વિલાસ સુખ પામ્યા ઘણુંરે એટલે આવ્યો આશ્વીન માસ ૧ એક સમે સહીયર આવી સંદ પુનમની રાત; માણે ઠારી પુરાણી મારે, ઉત્તમ દીસે આસો માસ ૨ ચદ્રમાને કારણેરે બેઠા હીંડોળે. નરનાર હાસ્ય વીનોદ મારે. કરતાં વીધવીધ વીલાસ. ૩ રક્ષક રાયનારે તેણે દીઠી રાજકુમાર, કન્યા રૂપ કયાં ગયુંરે ઓખા દીસે હવે નાર. ૪ ચિત્રલેહા કયાં ગઈરે એકલી દીસે છે ઓખાય, રાતી રાતી આંખડીરે. ફુલીફુલી દીસે છે કાય, પાહારડે ઉર ઢાંકતી. શકે થયા છે નખપાત, અધરપે શાંમતારે કોઈક પુરૂષનો દંત ઘાત. ૬ સેવક સંચર્યોરે એવા દેખીને દેદાર; મંત્રી કોમાંડનેરે જઈને કહ્યા સમાચાર. ૭ પ્રધાન પરવર્યોરે જ્યાં છે અસુર

કેરો નાથ રાયજી સાંભળોરે, મંત્રી કહે છે જોડી હાથ. ૮ લોકીક વરતારે, કાંઇક આપણને લંછન જીભ્યા છેદીયેરે કેમ કહીયે વજ્જર વચન. ૯ બાળકી તમ તણીરે તે તો થઇ છે નારી રૂપ, વારતા સાંભળીરે, આસનથી ઢળીયો ભુપ રૂજા ભાપડીરે એ તો અમથી અકસ્માત, બાણ કોપ્યો ઘણુરે; મંત્રિ સાંભળી સાચી વાત. ૧૧ શીવે કહ્યું, તે થયુંરે, તારી ધ્વજા પતન, તેથીરે જાણજેરે. રીપ કોઇક થશે ઉત્પન્ન ૧૨ જાઓ મંત્રી તમોરે. જુઓ પુત્રિ કેરી પેર, તેને કોઈ જાણે નહીરે તેમ તેડી લાવો ઘેર. ૧૩ પ્રધાન પરવર્યો, સાથે ડાહ્યા ડાહ્યા જન, ઓખાને માળીએરે, હેઠે રહીને કહે છે વચન કૌભાંડ ૧૪ આચર્યોરે ખાખાજી દીઓને દરશન, ચિત્રલેહા ક્યાં ગઇરે ચાલો તેડે છે રાજન. ૧૫ થરથર ધ્રુજતીરે, પડી પેટડીમાં ફાળ. શું થાશે નાથજીરે આવી લાગી માં જંજાળ ૧૬ તમે રખે બોલતારે, નાથજી દેશો માં દરશન. મુખ ઉડી ગયુંરે ઓખા નીર ભરે લોચન. ૧૭ બાળા બહુ વ્યાકુળી રે, કાંઇક હળિ કેડ વરણ. કશાણુ કન્યા વીના રે કંચકી પહેરી અવળે વરણ. ૧૮ બારીઓ બાળકી રે ઉભી રહીને ત્યાં; આપી કૌભાંડે કુંવરીનેરે ભયંકર વચને બોલાવી. ૧૯ ચિત્રલેહા ક્યાં ગઇ રે તું એકલડી દીસે બાળ. કન્યારૂપ ક્યારે ખીજસે બાણાસુર ભુપાળ. ૨૦ શરીર સંકોચતીરે, કરતી મુખડા કેરી લાજ, ઘરમાં કોણ છેરે મુજને સાચું કહોને આજ ૨૧ ગાળસ્થળકળ કર ધરીરે, કોઇ પુરૂષ દંતનો ઘન, શણગટ તાણીરે, બોલી ઓખાભાગીવાત, ૨૨ દીલ સારૂં નથીરે; ચિત્રલેહાએ કીધું સયન; તેણે હું આકળીરે, દુખણી નીરભર્યાં લોચન ૨૩ મંત્રી આચર્યોરે, ઓખા બોલી આળપંપાળ, હેઠા ઉતરોરે, નહીંતો ચડીને જોઇશું માળ ૨૪ વલણ–માળ જોઈશું તમ તણો ભાગશે તમારો ભારરે, એવું જાણીને ઉતરો રાય કોપ્યા છે અપારરે.

કડવું. ૫૪ મું.

રાગ સામગ્રી–કન્યાએ ક્રોધ જણાવીયો, હાકોટયો પ્રધાન, લંપટ બોલતો લાજે નહિ, ઘડપણે ગઈ સાન, કન્યા ૧ પાપી પ્રાણ લેવા

કયાંથી આવીયો, બોલને ક્ષુદ્રવચન, એ વાત સારૂ ફીથી લઇશે, જીભ જોડી છેદ ન કન્યા રહુંતો દાઇશે દાનવતુને જાણુતી ભારે ખપરે કઉભાંડ, એવું બાળકોને ન ચઢાવીએ, ભાંગી પડેરે, બ્રહ્માંડ કન્યા૦ ૩ કહેવા દેને તુ મારી માતાને, પછી તારી વાત; હત્યા આપું તુજને; કરૂં જંપાપાત. કન્યા૦ ૪ કઉભાંડ લાગ્યાં પછી કંપવા, પુત્રી પરમ પવીત્ર પછી કાલાવાલા માંડીયા, ન જાણ્યું સ્ત્રી ચરિત્ર કન્યા ૫ બાઈ રાજાએ સુજને મોકલ્યો લોકે પડયો વીરોધ ઓખા પુછયા મારે આવડો સો કરોધ. કન્યા ૬ એવું કહેતાં સેવક મોકલ્યો; બાણાસુરની પાસ. રાજાએ મંત્રીને કહાવીયું જુઓ ચઢીને અવાસ કન્યા ૭ કઉભાંડ કોપ કરીને ગાજીઓ, વજડાવ્યાં નીશાન; માળીએથી બંને ઉતરો, બાણાસુરની આણ. કન્યા ૮

કડવું ૫૫ મું.

રાગ રામકળી-જોડી જોવાને જોદ્ધ મળીયાં ટોલેજી, ઓખા બેસારી અનીરૂદ્ધ ખોળેજી, કંઠમાં બાવલડી ઘાલી બાળાજી. દેખીને કાલાંડને લાગી જવાળાજી. ૧ ઢાળ-જવાળા પ્રગટી ઝાળ પ્રગટી, સુભટ સહુ જોવા મળ્યા; મંત્રી કહે ભાઇ સબળ શોભે જેમ હરી ઉછંગ કમળા, ૧ લઘુ સ્વરૂપને લક્ષણવંતો આવી સુતાસંગ બેઠો, જ્યાં પરશ નહી પંખીનણો તે; માળીયામાં કેમ પેઠો, ૨ નીશંક થઇને છજે બેઠાં; નિર્લજ નર ને નારી હાસ્યવિનોદ કરે ઘણો ને લજ્યા ન આણે મારી. ૩ ઓખાએ અપરાધ માંડયો; ધાઈ લે છે સોઇ; પ્રધાન કહે એ પુરૂષ મોટા કારણ દીસે કોઈ ૪ અંબુજ વરણી આંખલડી ને ભ્રકુટી રહી ખમખમી; રોમાવળી વાંકી વળી; વઢવા રહ્યો છે ટમટમી. ૫ માળ ઘેર્યો સુભટ સર્વે; બોલે છે આનંદ; અહો વ્યભિચારી ઉતર હેઠો; એમ કહે કઉભાંડ. ૬ અલ્પ આયુસના ધણી; જમપુરીના માર્ગ સત્ય; અસુર સરીખા રીપુ માથે, કેમ થઈ બેઠો સ્વસ્થ. ૭ બાણરાયની દીકરી, તેનો ઈંદરથી ન થાય આળ, તે રાજકુંવરીની સંગે; તું ચઢીને બેઠો માળ. ૮ સાચુ કહે જેમ શીશ રહે, કોણ નાત કુળ ને ગામ; યથાર્થ તું ભાખજે, કેમ સેવ્યું ઓખાનું ધામ, ૯ અનીરૂધ વળતી બોલીઓ, સાંભળો સુભટ માત્ર ક્ષત્રિનંદન હું ઇચ્છાએ; આવ્યો બાણુનો જમાત્ર ૧૦ મંત્રી કહે અલ્પ બોલ્ય વિચાર્ય; ઉતરસે અભીમાન, જમાત્ર કોનો બાળકો, કોને દીધું કન્યાદાન. ૧૧ અપરાધ પુરણ ઉતર હેઠો; તને બાણુરાયની આણ; આ દાનવ તારા

પ્રાણ લેસે, મર્ણ આવ્યું જાણ. ૧૨ વીચાર જાણે જીવ્યાનો; જો પડયો વશંશે શુક સીંહ હોય તો હાકે ઉઠે, પણ દીસે છે જંબુક. ૧૩ બેઊ જણાને જોઇને; પાછો ચાલ્યો કૌભાંડ કૌભાંડનું વાચક સાંભળી, બોલ્યો બળિરાજાનો તન. ૧૪ સાંભળતામાં ચાર લાખ જોદ્ધા. મોકલ્યા તતકાળ તે ઓખાએ દીઠા આવતા. પડી પેટમાં ફાળ. ૧૫ રાગપરજ કામનીએ જ્યારે કટક દીઠું ઓખા થઇ નીરાસ; અરે દેવ આ શું કીધું. મારા મનમાં હતી મોટી આશ. ૧ વાલા કેમ વઢશો રે વઢશો, મારા પાતળીયા ભરથાર. વાલા૦ ૨ ટેક અરે પીયુ તમે એકલા, કરમાં નથી ધનુશ ને બાણ, એ પાપી પીતા કોપીઓ, તે લેશે તમારા પ્રાણ. વાલા૦ ૧ આછી પોળી ઘીએ ઝબોળી, માંહે આંબારસ ઘોળી. તમે જમતાં હું પીરસતી ભરી કનક કચોરી. વાલા. ૨ આલોટે પાલટે અવરની પર રૂદન કર અપાર, બોલાવી બોલે નહી, નયણે વરસે આંસુની ધાર, વાલા. ૩ વળી બેઠો ઉઠીને વળી. થાય વદન વીક અણુ તીર બાણ જ્યારે છુટશે, સહેશો કેમ કોમળ શરીર વાલા૦ ૪ મારાં માતપીતાને જાણ થયું ને કટક મોકલ્યું પ્રાહ. પાપી બાપે કાંઇ નવ જાણ્યું, બાણાસુર મહા મુઢ વાલા. ૫

કડવું ૫૭ મું.

રાગ ઢાળ—ઘેલી નારી કાલા. જે કરો તે ફોક, એવું યુદ્ધ કરીએ, તે જાણે નગરના લોક. ૧ તું જાણે પેઊ એકલાને. હાથ નથી હથીઆર. તારા બાપે ચાર લાખ મોકલ્યા તે મારે મન છે ચાર. ૨ તું જાણે પેઉ એકલારે, કર નથી ધનુષ્ય ને બાણ, એક ગદા જ્યારે ફરશે ત્યારે લેહશ સર્વના પ્રાણ ૩ ચીત્રલેહા ચતુર નારી. વીધાત્રીનો અવતારી ઓખાએ તે ધ્યાન ધરીયું, આવી માળીયા મોઝાર, ૪ એવું કહીને જોયુ સેજયામાં ગદા તો નવ દીઠી, ચમકીને પુછયું ચીત્રલેહાને. અંગ લાગી અંગીઠી, ૫ ચીત્રલેહા કહે મહારાજ હું તો ચતુર થઇ નવ ચુકી મેં જાણ્યું મુજને મારશે, ગદા દ્વારીકામાં મુકી. ૬ અનીરૂદ્ધ કહે શાને વઢું; મારે નથી હથીયાર ચીત્રલેહાએ નારદ સાંભાર્યા મળીયા મોઝાર, ૭ નારદ કહે મુજને કેમ સંભાર્યો, કાભાંડ કેરીતન, મહારાજ જુધે ચઢે અનીરૂધ, દીજે આશીર્વાદ વચન, ૮ નારદે આશીર્વાદ દીધો. શોભાગ્યવંતી ઓખાબાઇ, ભલો ભલો પુત્ર પ્રદયુમનનો, ચીર જીવી અનીરૂધબાઇ ૯ ભલો તું પુત્ર પ્રદયુમનનો, વીરઘણો વીકાળ, અંતરીક્ષ ઉભો હું જોઉં છું આણી સરવનો કાળ ૧૦ અહયા ઘણીવાર તો બેસી રહયો ને વાતતણું

નહી કામ બેશમાં બાકશીયો બાંધી તે બોલ્યું બાપનું નામ ૧૧ અનીરૂદ્ધ કહે શાને વઢું; હથીયાર નથી કાંઇ એક; જોદ્ધા ઝાઝીશોર કરે છે. શો કરવો વીવેક ૧૨ નારદ કહે છે એ ઓખાબાઈ ને તું આદ્ય જગતની માત, તારૂં સમરથ હોયે જેટલું તે આપ સ્વામીને હાથ ૧૩ ઓખાયે એક ભોંગળ લઇને કહાડી આપી ઘરમાંથી બાહાર સ્વામીના કરમાં આપી; તેમાં હજાર મણનો ભાર. ૧૪ વીર વિકાસી ભોગળ લીધી માળીયામાંથી ધાય; ચાર લાખ જોધા તરવારીયા તે સાઠી જુધે જાયા ૧૫ ગેડી ગુસ ફરશી તુબર, છુટે ઝાઝા બાણ, માળીયાને ઢાંકી લીધું જેમ આભલીયામાં ભાણ ૧૬ આવતા બાણ એકઠા કરીને પાછા નાંખે બાળ; ઉંચેથી આવી પડે તે આગે સર્વનો કાળ. ૧૭ ભટક લઇને ભોગળ મારી. અનીરૂધે જેણી વાર; તે ઝબુકારા કરતી આવી તેણે કર્યો સંહાર ૧૮ અનીરૂધ કેરો માર વાગ્યો તે, તેનાથી ન ખમાય, મારી કટક સર્વે કટકા કીધું, આપે નાઠા જાય. ૧૯ મહો રહો શા માટે નાશો કાં થાઓ છો રાંક હું તમારા કાજ આવ્યો છું, મારો ન કાઢો વાંક. ૨૦ અંગ ધરૂજે કાંઈ નવ સુજે, આવ્યા રાયની પાસ, બાણાસુર બેશી રહયો ને કટક થયું સૌ નાશ ૨૧ જોધા સહુ નાશ થયાને, ચોર નાઠો સાર તમને આવ્યો સંભળાવવા ઘણું કરી પોકાર. ૨૨ નાશ રાજા ભુંગાળ આવી પ્રાણ તાહરો જાય, બાણાસુર પડયો ગાભરો, દઈવ આને શું કહેવાય ૨૩ બીજા રાએ છ લાખ મોકલ્યા. જઈ કર્યો સંગ્રામ મારી બાંધી લાવો કહું છું. એને તો આ કામ ૨૪ જોધા આવ્યા જેરમાંતે, કરતા મારો માર, છ લાખ આવી ઉભા રહ્યા. તેના બાળ તણો નહી પાર. ૨૫ કોઈ એકને બે લોચન. ઈંચા જે કહેવાય; કોને માથે શીંગડાને; લોચન ઉદર માંય ૨૬ ખડગ ખાંડાનું બરતરૂ, ગોળી હાથે નાળ; તોપ કવચ રણભાલા બરછી મુદગરને ભીડી માળ, ૨૭ સાંગ ગેડી ગુપ્ત મદાને, રઝમતી તરવાર, બાણાસુરની યે ધાતે, કરતાં મારોમાર ૨૮ કાંઇક રચરચાય થયાને; કંઇકના કડકાય, કુંભસ્થળ ફાટી ગયા ને પડયા પૃથ્વી માંય, ૨૯ અનીરૂધે પછી વિચાર્યું, ગદા પડી છે ધરૂણ જોદ્ધા આવ્યા જેરમાં તે, કેમ પામશે મરણ, ૩૦ પછી પડતું મુકયું પૃથ્વી ઉપર, ગદા લીધી હાથ; કાચકચટકની પેર સજે, સૌ સંહાથ ૩૧ કોઇ જોદ્ધાને ઝીકી નાંખ્યાં, ઝાલ્યા વળતી કેશ, કોઈને અડબોથ

મુકીને, કોઇને પગની ઠેસ. ૩૨ કોઈનાં મોઢાં ભાંગી નાંખ્યાં, હાથ નીલ પડાકે કોઈને મારી સુંકો કીધો, ભુંગળને ભડાકે, ૩૩ એમ હુંલડ કર્યું ને ત્રાસ પડીઓ, ભુભરાણુ, બહુ થાય, છ લાખ ચકચુર કરીને, ગયો ઝાળિયામાંય ૩૪ નાઠા જોદ્ધા વેગે ગયા જ્યાં છે બાણાસુરરાય નાશા રાજા ભુંગોળ આવી; પ્રાણ તારો જાય; ૩૫ નોહે નોહે કોઈ ન્હાનો કુંવર. દીસે છે કોઇ બળિયો; ચણીવારનો જુદ્ધ કરે છે, કોઇનો ન જાય કળિયો. ૩૬ કોઇ ભાંડને તેડાવી પુછયું હવે શું કરવું કાજ આટલે હોડરે નીચું જોવરાવ્યું, ધીકધીક મારૂં રાજ, ૩૭

કડવું ૫૮ મું.

રાગ ભિભાસ–મતબાલો માળમાં; જઇ જોદ્ધાએ સભામાં સંભળાવ્યું, દાનાંડને ન્હડીયો કાળ મતબાલો મહાલે માળમાં, ૧ જુગ જીત્યું પણ કાંઇનવ દીઠું, સ્વર્ગ મૃત્યું પાતાળમાં, કહો કેમાય હવે શું કરવું, મારો ભાગ્યો ભાર ભુપાળમાં, મતબાલો, ૨ સહુ સેન્યાનું સામર્થ ભાગ્યું બહું બાળ દીઠું છે બાળમાંરે દશ લાખનો દાટજ વાળ્યો હજી છે વઢવાની ચાલમાંરે, મતબાલો ૩ કહો પ્રધાન હવે શી વલે થાશે, બાણ પડ્યો જંજાળમાંરે, રાતમાં જઇને રોકી રાખો, નાસે પ્રાતઃકાળમાંરે. મતબાલો ૪ વિખીયારે વરગ્યો તે નહીં થાય ચારગો, જેમ માખી મધ બારમાંરે, બાણ બકરીને શાને બેસુરે તેમ જોવા સીંહની ફાળમાં મતબાલો. ૫ એ બાળકને જે બાંધી લાવે, તેને વધાવું રતન ભરી થાર મારે સીંહરૂપણું વેરાઇ ગયું ને થયું સંગ્રામ શીયારમાંરે, મતબાલો ૬

કડવું ૫૯ મું.

રાગ સોરઠ–કુંભાંડ કહે તું સાંભળ રાજા, કહું એક સાચો મર્મ એ ભુંગળે દશ લાખ માર્યા, તેણું ન રહ્યો તારો ધર્મ. ૧ અચરજ એક લાગે મુજને પડી અસંગે વાત, એક ભોંગરે દશ લાખ માર્યો કીધો મહા ઉતપાત, ૨ પુરવે મેં તને પીછાવ્યો અહંકારે થયો તું અંધ, અહંકારે લંકા ગઇ રણુ રોળાયો દશસ્કંધ ૩ અહંકાર ચંદ્ર માથે કર્યો, તેને રોહીણીશું સંજોગ છત્રીશ નારી પરહરી, માટે

ભોગવે ખદીરે રોગ ૪ એવા અહંકાર હું અનેક અનેક કહું, સાંભળને ભુપાળ, વાંક કોઇનો કહાડીયે નહી પાજી ફુટયું તારૂં કપાળ. ૫ અહંકાર તુજ બાપે કર્યો જેણે જીત્યા દશ દીગધાર, વામન વીઠલે કરીને બળી ચાંપ્યો પાતાળ, ૬ અહંકાર કોઇનો છાજ્યો નહી, ગર્વ ન કીજે રાય, ગર્વ કોઇનો રહયો નહી તમે વિચારો મન માંય. ૭ પહેલી ધ્વજા ભાંગી પડી વરસ્યો રૂધીરનો વરસાદ નક્ષત્ર તુટીને પડ્યું ને થવા માંડયો ઉતપાત ૮ હવે તતબર થઇને સેન્યા સંભાળો બેઠા નું નહિ કામ; દશ દીશા તુ જીતીને આવ્યો, છોકરે બોળ્યું તારૂં નામ. ૯ રાય પહેલો મેં તુને પિછયો પ્રતાપ તારો પ્રતક્ષ; આ સમે એ ત્રીલોકતામાં ઉદય પામો અસ્ત. ૧૦ સર્વ મૃત્યુ પાતાળમાં, કહેવાયો તું એક, તરણાવેત તુજને કર્યો એ છોકરે છેક, ૧૧ વચન એવું સાંભળીને રાયની ગઇ છે સુધ ને સાન, સ્થુળ અંગ દેખી રાજાનું પછી બોલીઓ પ્રધાન. ૧૨

કડવું ૬૦ મું.

રાગ ભુપાળ—ઓખા કહે કંથને એમ ન કીજે; બળીઆશું વઢતાં બીજે; એ ઘણા ને તમે એક જાતેઃ સૈન્ય મોકલ્યું મારા તાતે, દઇતને વાહન તમો પાળા, એ કઠણ તમે સુંવાળા. એને ટોપ કવચને બખ્તર તમારે અંગે પીતાંબર દઇતને સાંગ્ય ને બહુ ભાલા, પ્રભુ તમે છો ડાલા માલા, આતો મસ્તક બહુ બળીયા, તમો સુકોમળ પાતળીયા પહેલું મસ્તક માહારૂં છેદો; સ્વામી પછી અસુરને ભેદો; તમારી દેહ દેખીને હું તો મોહું નેતરે જુધ કરતાં કેમ જોઉં. મુવા દઇત્ય કરે હોકારા, પ્રભુ પ્રાણ કંપે છે મારા, ઇચ્છા અંતરમાં પેઠી દઇત્યે માળીયું લીધું લુંટી ઘણા કરોધ વિરોધી છે બાણ, હાકે ઇંદ્રનું જાએ આસન, જન થંભે તાતની હાકે બાળ સૈન્ય ચઢાવી છે ચાકે જે તે નામ તમેરૂ હાલ, ચક્રધારી સદખે નવ ચાલે ક્ષત્રી સાથ રહે છે બીતો, તમો કોઈ પેર એને જીતો. મંત્રી રહયો છે દંતજ કરડા શું ધાઓ છો મરડા મરડા; કંથ કહન કરૂં સંગ્રામ નાશી પેઠાનો કિઓ ઠામ, હવે જીવતા છુટવું નહી સઇન્ય મારીએ સામ થઇ.

નથી ઉગારવાનો ઉપાય ત્યારે ભય પામે શું થાય, નાઠે લાંછન કુળમાં છે રામને લાંછન મુળમાં. વહુ વરરાજે મણીધર ન ડોલતો અળશીયા તાલે ધન ગાજે કેસરી દાફાળના ઉછળતા જાણવા શીયાળ, ક્ષત્રિ શોદે દે પાને દળ, નશાદે તો જાણવા વિઠાળ. હાકવા વન માંડે કાન તો જાણવા નિસચે સ્વાન. ઘરમાં જોધા કો રહે પચી તાચરણ વાનાના રહે બેસી. એમ કહીને ઓખા અળગી કીધી, ભાઠ ગાજ્યો ને ભોંગળ લીધી, અસુર સૈન્યમાં જઇને અડીઓ, છજેથી કપીની પેરે પડીયો, જેમ ચંદ્ર પશ વાદળમાં તેમ અનિરૂદ્ધ પેઠા દળમાં. વાદળ ચંદ્રને લે જેમ વીંટી તેમ અનિરૂદ્ધને લીધો વીંટી. અસુર કહે એ માનવી કશું, બગ્ગ સીંહમાં બગલ તશું: જો મુગટ મંત્રીને ચરણે ધરે તો તું મૃત્યુ થકી ઉગરે. તેના એવા વાકય સાંભળી, અનિરૂદ્ધ ધાયા હોકારો કરી; નાંખે દઇત્ય ખાંડા મુગદલ, તેમ વિષ્ણુ નાંખે ભોંગળ, વીસ સહસ્ત્ર અસુર સઉ તુટયા, એકીવાર બહુ સર છુટયા; આયુધ ધારા રહી છે વરસી, છુટ પરીધ આયુ ધરે ફરસી: થાય દેવદાનવ ટોળે ટોળા, વરસ ભાડી માળને ગોળ; બોલે દુદુંભીના ગડગડાટ, થાય ખાંડા તણા ખડખડાટ; હોય હયોના ઘણા હણહણાટ; દેખી દાહલી નાથનો ઘાટ, થાય ઓખાને ઉચાટ; દેખી દાહલો તેનો ઘાટ, પછી દાનવનો વાળ્યો દાટ. અનિરૂદ્ધ મુકાવી વાટ, કોઇ ઝીકયા ઝાલી કેસે, કોઇને ઉડાડયા પગની ઠેસે; કોઇ હાર્યા ભોંગળને ભડાકે, કોઇના મોં ભાંગ્યા લપડાકે; કોઇને ભાલા વાગ્યા ભચ, કોઇના નાક કાપ્યા ટચ; કોઇ અધકચરા કોઇ પુરા, સારી સેન્ય કર્યું ચકચુરા તે રણમાં ભયાનક ભાસે, બળ દેખી ઓખા ઉલ્લાશે; મેં તો આવડું નહોતું જાણ્યું. ચિત્રલેખાએ રત્નજ આણ્યું. થાય પરસેવો અનિરૂદ્ધને દીસે, પોતાના વસ્ત્રમાં ઓખા ઝીલે. ભડ ગાજ્યું ને પડ્યું ભંગાણ, નાઠો કોઆંડ લેઇને પ્રાણ, થઇ બાણાસુરને જાણ. એક પુરૂષે વાળ્યો ઘાણ, અસુરને ચઢયો બહુ કોપ, સજ્યાં કવચ આયુધ ને તોપ, વાગી હાક ને ચઢયો બાણ, તે તો થઇ ઓખાને જાણ.

કડવું ૬૧ મું.

વલણ—જાણ થયું જે તાત ચઢીઓ, કોણ સહસ્ર હાથરે, ઓખા આંખ ભરતી રૂદન કરતી, પછી સાદ કરતી નાથરે. રાગ સામગ્રી—મારા સ્વામી હો ચતુરસુજાણ બાળદળ આવ્યું રે જાદવજી; દીસે સૈન્યા ચારે પાસ, હવે શું થાશેરે જાદવજી. એ તો બળિયા સાથે બાથ નાથ કેમ ભીડોરે જાદવજી, સામો દૈત્ય છે કપાત્ર; માટે હરીને હી ડોળે જાદવજી આ દળ આવ્યું બળવંત; દીસે રીસે રાતારે જાદવજી. એકલડા અસુરને મુખે, રણે તમે જાતારે જાદવજી. આ ગજ આવે બળવંત, દંત કેમ સહેશોરે જાદવજી, અસુર અરણ્ય વધાય, તમો ના જાસોરે જાદવજી. એવું જાણીને ઓસરીઓ, ના કરીએ કરોધરે જાદવજી, એકલડાનો આસરો શનોમાનો પ્રતિબોધરે જાદવજી, ધીરા થાઓને ધાઓ, વહો તે ફાંસુરે જાદવજી, મ્હારી ફરકે છે જમણી આંખ, વરસે છે આંસુરે જાદવજી મુને દિવસ લાગે છે ઝાંખો, ભીંગળ હેઠી નાંખોરે જાદવજી, હું તમને સમજાવું આ વાર, મારૂં રાખોરે જાદવજી, તમો મુજ દેહલડીના હંસ, મુકોને જુધરે જાદવજી. પાછા વળોજી લાગુ પાય માનો મામધરે જાદવજી. વેરી દીસે છે ઘરૂણી તારૂણી આ શી ટેવરે રાણીજી. અમો બાણ થકી ઓસરશું તો કરશું સેવરે રાણીજી આવ્યો બાણાસુર ભુપાળ. તેને હું મારૂંરે રાણીજી. એના છેદું હાથ હજાર દળ સંહારૂંરે રાણીજી, અનિરૂદ્ધ રણ થકી ઓસરે તો, લાજે શ્રી ગોપાળરે, રાણીજી, હવે અંત આપણો આવ્યો, હવે નાઠે આવારે રાણીજી. વલણ—નાઠે આવે આળ, નવ કીજીયે ઉપવાદરે. કહે પ્રેમાનંદ એ ઓખાબાઇએ અનિરૂદ્ધને કર્યો સાદરે.

કડવું ૬૨ મું.

રાગ વેરાડી— ઓખા કરતી કંથને સાદરે, હો હઠીલા રાણા; એ શા સારૂ ઉન્માદ, હો હઠીલા રાણા. ૧ હું તો લાગું તમારે પાય, હો હઠીલા રાણા; નાવી બેસો માળીયાં માંય, હો હઠીલા રાણા, ૨ હું તો બાણને કરૂં પ્રણામ, હો હઠીલા રાણા; છે કાલાવાલાનું કામ, હો હઠીલા રાણા. ૩ એ તો બળીયા સાથે બાથ; હો હઠીલા રાણા; તે તો જોઇને ભરીએ નાથ, હો

હઠીલા રાણા, ૪ એ તો તરવું છે સાગર નીર, હો હઠીલા રાણા, ૫ એ તો ભેદે તમારૂં ગાત્ર હો હઠીલા રાણા, આમા દઈત છે કુપાત્ર હો હઠીલા રાણા, ૬ મને થાય છે માન શુકન, હો હઠીલા રાણા, મારૂં ફરકે છે જમણું લોચન હો હઠીલા રાણા ૭ મારો મોતીનો તુટયો હાર, હો હઠીલા રાણા, ડાબે નેત્ર વહે જળધાર હો હઠીલા રાણા, ૮ દીસે ગગને ઝાંખો ભાણુ હો હઠીલા રાણા: દીસે નગરી તે ઉજડ રાન હો હઠીલા રાણા ૯ રૂવે વાયસ ગાયને સ્વાન હો હઠીલા રાણા; એવા માઠા થાય શુકન, હો હઠીલા રાણા ૧૦ હું તો ધરૂજતી દેખી ધરણ, હો હઠીલા રાણા, એ તો સાગરે શ્રોણીત વરણ હો હઠીલા રાણા ૧૧ આવ્યા અગણીત અસવાર હો હઠીલા રાણા: માંહે માંહે થાય છે હોહોકાર, હો હઠીલા રાણા ૧૨

વલણ—મેઘાડંબર છત્ર વિરાજે, ઉલટી મગરી, બુધરે; અગણીત અસ્વાર આવીયાં, તેણે વીંટી લીધો અનીરૂધરે,

કડવું ૬૩ મું.

રાગ સીંધુ—આવી સેન્યા અસુરની, અનીરૂધ લીધો ઘેરી: કામ કુંવરને મધ્યે લાવી વીંટી વળ્યા ચોફેરી, અમર કહે શું નીપજશે, ઈચ્છા પરમેશ્વરી; રીપુ ગજના જુદ્ધ માંહે, અનીરૂધ લઘુ કેસરી બાણરાયને શું કરૂં જો ભોંગાળ ધરી કોગટ; વેરી વાયસ કોટી મળ્યા હવે કેમ જીવશે પોપટ બાણાસુર સુભટ વાર્યા નવ કરશો કો ઘાત; વીંટો ચોદશ સહુ મળીને હું પુછું એને વાત માળીયેથી ઓખાબાઈએ રૂદન મુકયું છોડી પીતા પાસે જોધ સર્વે, હાથ રહયાતા તે જોડી, બળવંત દીસે અતી ઘણું સૈન્ય બીહામણી, પવન વેગે પાખરીયા રહ્યા રે હણહણી આદળ વાદળ કેમ શેહશો ઓ સ્વામી સુકોમળ અરે દઈવ હવે શું થાશે, પ્રગટ કામના ફળ દેવના દીધા દઈત મુવા તેને દયા નહી લવલેશ, કાચી વયમાં નાથજીને નથી આવ્યા મુછને કેશ ચાર દીવસનું ચાંદરણું કર ચઢી ગયું વહી, આ જોધા પીઉને મારસે, દઈવડા જીવું નહિ અરભક્ત મારે એકલો તેને વીંટી વળ્યા અસુર, એવું જાણીને સહાય કરજો, ઓ શામળીયા સુર કષ્ટ નીવારણ કૃષ્ણજી હું થઈ તમારી વહુ જો આંચ આવશે તમ પુત્રને તો લાજશે જાદવ સહુ પ્રજાના પ્રતીપાળ છો, તમે પનોતા મોરારી; સંભાળ સર્વની લીજીએ નવ મુકીએ વિચારી, અમને તો પણ આશા તમારી અમે તમારૂં છોરૂ લાજ લાગશે વૃદ્ધને કાંઈક હશે કાળું ગોરૂં પક્ષી પલાણુ પ્રભુજી, પુત્રીના કરવા પક્ષ, ભગવાનને ભજતી

ભામની, ભરથાર છે રીપુ મધ્ય મુખ વક્ર નેત્ર બીહામણાં મુખ મુછો મોટી મોટી તેવા અસુર આવી મળ્યા, એક શંખને સપ્ત કોટી દળ વાદળ સૈન્ય ઉલટી, મધ્યે આણ્યો અનીરૂદ્ધ વીર વાટયો વેરીએ, જેમ મક્ષીકાએ મેઘ ધનુષ્ય ચઢાવ્યાં પાંચસે બાણે, બહુ ચઢવ્યાં બાણ ગાએ ગુણીજન ગદગદે બહુ ગડગડે નીશાન. અતર અરમક એમ વીંટીયો, તેમ સોભ છે ઈંદુ લઘુ જેમ ઉલટ ઘણીને લલાટે સ્વેત બીંદુ લઘુ કુંજરની સુંઢ સરખા શોભે છે બે ભુજ, સરાન સરખી ભ્રગુટી.

કડવું ૬૪ મું.

રાગ ગોડી-અશ્વકુંવર રથ ભાથા ભરી, આવ્યો બાણાસુર વેગે કરી; જોદ્ધાને નવ માએ સુર ચઢી આવ્યું જેમ સાગરપુર. ૧ વાજે પંચ શબ્દ રણતુર. મારી જોધા કર્યા ચકચુર; બાણાસુરના છુટે બાણ છાક લીધો આભલીયામાં ભાણ. ૨ થયું કડક દળ ભેળાભેળ, જેમ કાપે કોવાડે કેળ; આવ્યા એટલા વરણી ટાળ્યા તેમાં કોઈ પાછા નવ વળ્યા. ૩ આવી મદા તે વાગી શીશ, નાંકો હસ્તી પાડીને ચીસ; બાણાસુર ઉપર ભોગર પડી. ભાગ્યો રથ પડ્યો કડકડી. ૪ રાયની ગઈ છે સુધ ને સાન, ભાગ્યું કુંડળ છેદયાં કાન, પાછો લઈ ચાલ્યો પ્રધાન, ઘેર જતામાં આવી સાન, ૫ પછી બોલે છે રાજન સાંભળો મારા પ્રધાન હાય હમણાં ભોંગળ આવશે, જાણું છું જે જીવડો જશે. ૬

કડવું ૬૫ મું

રાગ રામકળી-મધુરેને સાદરે રેરેહો, ઓખા રૂવે માળિયેરે બાઇ મહારા પેઉને લઇ જાય, સખી મહારી વતી તો નવ ખમાય, હમણાં કોઇ કહેશેરે રેરેહો, પીઉજીને મારીયારે. ૧ બાઈ મારા પેલા તે ભવના પાપ, બાઇ મારે આવડો શો સંતાપ સે નથી મરતો પાપી બાપ, માથેથી ઉતરતીરે રેરેહો, પડજો સમા બાપનેરે. રહાંરે મારા કંથની કોમળ કાય, એવા એવા માર તે કેમ ખમાય, ઓ પેલા દુષ્ટને ના મળે દયાય, રડાપણ આવ્યુંરે રેરેહો, બાળપણી વેરાનાંરે ચાલ ચિત્રલેહા કહે બાઇ શાને રડે છે, તારા કંથની નહી થાય હાણ જઇને

હું સમજાવું છું જે, તારા પિતાના પ્રાણ ૧ ચિત્રલેખા આવી ઉભી રહી, જ્યાં પોતાનો તાત, સાંભળો પીતા વીનતી, કહુંશો સમજાવી નહી વાત, ૨ એ છે મોટાનો છોકરો તે તમે જોઈને છેદજો શીષ, માથા ઉપર શતરૂ થાશે, હળધરને જુગદીશ, ૩ એને વડઉવે બળી પાતાળે ચાંપ્યો એવાં છે એનાં કામ વગર વીચારે મારશો તો, ખોશો ઘર ને ગામ ૪ પ્રધાને જઈને કહ્યું જ્યાં છે બાણાસુર ભુપાળ, રાજા રખે એને મારતા, એ છે મોટાનો બાળ. ૫ પરણી કન્યા કેઈ પરણે નહીં માથે રહેશે આળ. લોકમાં કહેશે જમાઈ માર્યો, એવી દેસે ગાળ માટે ઘાલો કારાગ્રહમાં હાથે ન કીજીએ ઘાત. એકલે દશ લાખ માર્યો તે. મોટી કીધી વાત ૭ પછી વજન કેરી કોટડીમાં, બેસાર્યો એ તન સરપે એને વીટીયોરે, કર્યો ફરતો અગ્ન. ૮ તે પુંઠે જાળી ખાઈઓ ખોદી મેલ્યા બહુ રખવાળ, સર્પ કેરા ઝેરથી પરજાળવા લાગ્યો બાળ ૯ અનીરૂદ્ધને બંધન કરીને, વીંટીયા બહુ સર્પ કામ કુંવરને બાંધીઓ પછી ગાજીઓ તે નૃપ. ૧૦ વલણ—નૃપ ગાજ્યો મેઘની પેર, ઉતરાવી ઓખરે અનીરૂદ્ધ તે બંધન કરી બાણાસુર મંદીરમાં લઈ જાયરે. ૧૧

કડવું ૬૬ મું.

રાગ સામગ્રી—બાણે બન્યોને બાંધીયાં, નાગમ નર ને નાર; અનીરૂદ્ધ રાખ્યો મુખ આગળ, ગુપ્ત રાખી કુમાર, બાણે બન્યોને બાંધીયાં ૧ ચૌટામાં ચોર જણાવીઓ, ઢાંકયો વ્યભિચાર ઓખા છાની મંદીરે મોકલી રાખ્યો કુળને ને ભાર બોલે. ૨ લક્ષણવંતો હીડલે હુકતો, બેહુકતો તે આકાશ, દૈત્યનું દળ તે પુંઠે પળે, ઘોરી હીંડોળે દાશ, બાણે० ૩ એક પંચ છુરીઓ પાથરી નાંગ્યા. તે આવ્યો પાગ પ્રમાણ; ચોરે તે મોરજ મારીઓ, તેના કરે લોક વખાણ. બાણે० ૪ ઓખા ફરીને વર જો પરણશે, તો ભુંડાં ભવ ભરથાર; તે સ્વામી શું સુખ પામશે, લીધું એણે અમૃતસાર બાણે० ૫

વલણ— લાગ્યો લોક ઉપવાદ પણ, પામ્યો દેવકન્યારે: પછી બાણાસુરે અનિરૂદ્ધને રાખ્યો; ઓખાના ઘરમાંગરે.

કડવું ૬૭ મું

રાગ ધવળ ધનાશ્રી–શુકદેવ કહે છે પરિક્ષતને, તમે સાંભળો કહું જે કે ભાગજી; કૃષ્ણકુંવરને બાંધીઓ રાએ, ઓખાના ઘરમાંયજી ૧ નાના વિધના બંધન કીધાં; કહાડી ન શકે શ્વાસજી; એક એકનાં મુખ દેખી દામણાં, દેખી થાય ઉદાશજી. ૨ બાણુમતી બાણાસુરની રાણી, જળ ભરે છે ચક્ષજી; પુત્રી જમાઇને ભુખ્યા જાણી, છાનુ મોકલે ભક્ષજી, ૩ કષ્ટ દેખી નાથનું ઓખા, નેણે ભરે છે નીરજી; અનીરૂદ્ધ આપ બળે કરીને, ઓખાને દે છે ધીરજી; ૪ આકરૂતો અસુર કુમકે, મેવડું તરૂણ માત્રજી; શાખા નાખવા સ્વસુરનીને, હું બંધાયો છું ગાત્રજી. ૫ આગળનાં ઉઠું તો શીશ છેદું, હણુ દાનવ જુથજી; શું કરૂં જે સ્વસુર પક્ષમાં નાખવું છે સુશજી. ૬ આકાશ અવની એક થાશે, એવો નિરમશે સંચજી; અગ્નિ કેરી જવાળ ધુંમમાં અસુર થાશે અંધજી ૭. નહાશ થાશે શાનરામ અબળા, સઘળા છુટશે બંધજી. કૃષ્ણ આવી બાણાસુરનાં છેદશે સઘળાં સ્કંધજી ૮. મારાં સમ જો સુંદરી તમો. ઝાંખુ કરો મુખચંદ્રજી, બંધનપે દુઃખ દે છે ઘણું, તાહાં અસુરનાં વૃંદજી ૯ એમ આશના વાશના કરીને રાખ્યું ઓખાનું મનજી; ત્યાર પછી ત્યાં શું થયું, તમે સાંભળો રાજનજી ૧૦ પછી ભવાનીનું સ્મરણ કરીને બાળક લાગ્યો પાયજી ભગવતી ભવતારણી મારી આવી કરજે સહાયજી ૧૧ ચાલુ મા તું બ્રહ્માણી તું ઇંદ્રાણી કૃષ્ણા, સ્થાવર જંગમ તું સચરાચર સૃગ ઉપરતષ્ણા ૧૨ દઇતને પાતાળ ચાંપ્યાં, રક્ત બીજરખુ રોળાયા; શુભ નીશુભ મહીસાસુર મારયા, ચંડ મુંડ ઢંઢોળ્યા. ૨ ધુમ્રલોચનને હાથે હણ્યો. મધુ કૈટભ તો માર્યા; અનેક રૂપ ધર્યા તે અંબા, સુરનરનાર ઉતર્યા ૩ ઓ હીંગળ જહીં બોળી માત, કોમેસા પુરને કાળી આધ્યાઇશ્વરી તું અંબા, સંખલપુર બહુચર બાળી. ૪

કડવું ૬૮ મું

રાગ બીહાગડો—દયા ન આવે પેલા દઇતપતીને; માહાબળિયા દુરમત્ય બાકરી બાંધી દીવજવર સાથે; વહેર વધાર્યું સત્યજી દયા ન

આવે, ૧ પાતળીયા પંકજતુખ પીઊજીને નાગપાસના બંધજી, બાંધી લીધો બળ કરીને કોમળ રૂપે મહજી; દયા. ૨ જોરે ધરણી ધરસીવર. આપદા પામે નાથજી, પુત્ર તમારા ઉપર પ્રહારજ, કરે છે દઈત્યનો નાથજી, દયા, ૩ ભાં રોળ ટોળાંદિ મેલ્યું, વકુરાય બળીયો વીરજી, તો એરણથી નવ ઓસરીઓ; સાગરનુ જેમ નીરજી, દયા૦ ૪ ભેદ કરીને બાંધી લીધો, નાગ પાસના બંધજી, સવાસ ન માયે બહુ અકળાએ, અંગ આકાશમાં સધજી, દયા૦ પ્રતાપ સમાય નહી સ્વામીનો, હું કરૂં દેહનો પીતાજી; વાર લાગે લક્ષમીવર તમને તો થએ મહા ઉતપાતજી, દયા૦ ૬ કોમળ સુખ કામથી સુકાયું, કન્યા કરે આક્રંદજી અનીરૂદ્ધ શરમે શામળીયાને, કમળવર ગોવિંદજી. દયા૦ ૭ ત્રાહે ત્રાહેરે ત્રીકમજી, સુતની કરજયો સહાયજી, વિપત વેળા વારે ચડીને, કરો ભક્તિ રક્ષાયજી દયા૦ ૮ ગજ ગ્રહાથી મુક્ત પમાડયો, કીધી હરિચંદ્ર રક્ષાયજી, દાનવ કુળ નિકંદન કીધાં, કીધા પ્રહલ્હાદની સહાયજી. દયા૦ ૯ આજ આંખથી આંસુડાં ચાલે. જાસે મારા સાણજી, સુખ શરીર શાતા નહી અંગે લાગીઓ દવ નિર્વાણજી. દયા૦ ૧૦ મનસા વાચાયે વર વરયો, અવર તે મિથ્યા જાણજી; રૂપ અને ગુણવંતો સ્વામી, સત્ય કહું છું વાણજી. દયા૦ ૧૧ તાતકઠોર દયા નહી રદીઅ. કોમળ મહારો કંથજી, પ્રહાર કરીને બાંધી લીધો, શ્રી હરી વેગળે પંથજી દયા૦ ૧૨ કોણ સહોદર આવત અવસર, સોધ કરવાને જાયજી, તાત ભ્રાતને જાણું નહીં તે, કોણ ઉઠીને ધાયજી. દયા૦ ૧૩ પીતા પીઊજીને વેરીરે દેખે, પરભવે બહુ પેરજી, નાગ તણા ફુંફારા હળાહળ. ફેરની નાંખે લહેરજી, દયા૦ ૧૪ હળાહળે અંગ અગનારે ઉઠયો; કહે પડીઓ સોપજી, પુર્વ તણાં કર્મ આવી નડયાં, કોને દીજે દોષજી. દયા૦ ૧૫ તાત મારી કામારે પાડું, વીખ ખાઉં આ વારજી, સ્નેહ ન જાણેરે કોઇ મનનો, સર્વ પીડે ભરથારજી. દયા૦ ૧૬ તાત તણે મન કાંઇ નહી, મુને જબરો લાગે સ્નેહજી. છોરૂ પોતાનાં જાણી દયા કીજે દયાળ, ન દીજે છેહજી. દયા૦ ૧૭ બાણાસુર મહા પુરૂપજ્ઞાતા, જેથી ચુક ન થાયજી; બાળક ઉપર પ્રહાર શો કરવો, જદપી હોય અન્યાયજી. દયા૦ ૧૮ વહાલા થઇને વેરજ વાળો, શું નથી આવતી લાજજી. નીચ પદારથ નથી કુળ નિચુ કૃષ્ણ કુંવર મહારાજજી. દયા૦ ૨૦ સકળ પૃથ્વી ચાકે ચઢાવી, અસુરનો ફેડયો ઠામજી, વેર વધારી વીઠલ સાથે કયાં કરશો સંગરામજી દયા૦ ૨૧ સ્વામી મહારાને શીર સમરથ; તેને ચડશે કોપજી, ભદ્ર ઇચ્છે છે તાત પોતાનું. વિષ્નુ બીજાણાં રોપ્યાજી,

દયા૦ ૨૨ જુદ્ધ સમે આકાશે રહીને જુવે છે નારદ દેવજી; મયમાં આણીસ અમો જાશું દ્વારામતી જુદ્ધ કરશું તતખેવજી. દયા૦ ૨૩ નિર્ભય જાણી વીણાધર ગયા, પરવરિયા આકાશજી, પોહોંચી દવારકા ઉતરી હેઠા, ભેટયા શ્રી અવીનાશજી. દયા ન આવે ૨૪.

વલણ—ભેટયા શ્રી અવીનાશને, કુશળ વારતા પુછી વળી કહે નારદ અનીરૂધને, રાખ્યો કાળાગ્રહમાં દઇતે મળીરે.

કડવું ૬૯ મું.

રાગ ધનાશ્રી—શુકદેવ કહે છે પરીક્ષતને, બાંધ્યોને જાદવજોધજી; હવે દ્વારીકાની કહુ કથા, જાદવ કરે સોધ. શોધજી. ૧ હિંડોળા સહીત કુંવર હરીઓ, છોડી ગયું કોઇ દોરીજી; હાહાકારે ગયો પુર મધ્યે, અનિરૂદ્ધની થઇ પુર ચોરજી. ૨ રતિ અતિ આક્રંદ કરે છે, મળ્યું તે વિનતાનું વૃંદજી. રૂક્ષમણી રોહણી દેવકી, સરવે કરે આક્રંદજી, ૩ જાદવ કહે છે માધવને, શું બેઠા છો સ્વામીજી, વિચાર કરી વીલંબ ન કીજે, કુળને લાગી ખામીજી. ૪ વાસુદેવ કહે શામ રામને, શું બેઠા છો ભુપજી, વિચારો શકે જળમાં બુડયે, કયાં ગયો કુંવર અનુપજી, ૫ ઉગ્રસેન કહે અચરજ મોટુ, કોણે હર્યો હીંડોળાજી, દેવાદૈત્ય રાક્ષસનું કારણ તે ખપ કરીને ખોળોજી, ૬ સાથને જદુનાથ કહે છે, શાહાને કરો છો શ્રમજી; ગોત્ર દેવાનું ગમતું થાશે, કુંવર હરાયાનું કર્મજી, ૭ અગીયાર વરસ ગોકુળ સેવ્યું, મામાજીને ત્રીસેજી; પ્રદયુમનને શંખ હરી ગયો; આવ્યો સોળમે વરસેજી. ૮ તેમ અનીરૂધ આવશે, સાવચશે કુળદેવન; કૃષ્ણે કુટુંબને જાદવ છે. મહા દુખિજી. શોણીતપુરથી કૃષ્ણે સભામાં આવ્યા નારદ રૂષિજી. ૧૦ હરીઆદે જાદવ થયા ઉભા; માન મુનીને દીધુંજી આનંદે આસન આપ્યુંને; ભાવે પુજન કીધુંજી. ૧૧ નારદજીની પુજા કરીને હરીએ કર્યા પ્રણામજી કહો મુનિવર કયાંથી પધાર્યા; અમ સરખું કાંઇ કામજી. ૧૨ કર જોડીને નારદ કહે છે; સાંભળો જુગજીવનાજ, પુત્ર તમારા સર્વેનું મારે કરવું છે દરશનજી; ૧૩ મારા જોતાં પુત્ર સર્વેને સાથેથી તેડાવોજી; એકલાખને એકસઠ હજાર, એંશી આગળ આવોજી, ૧૪ સર્વે પુત્ર સામું જોઇને પુછે છે નારદ મુનીજી; આટલામાં નથી દીસતો; પ્રદયુમનનો તનજી. ૧૫ ભગવાન કહે છે નારદજીને; કાંઇ તમે જાણો છો બાળજી, ઘરમાંથી જતો રહ્યો છે પ્રદયુમનનો બાળજી. ૧૬ નારદ કહે છે, હું શું જાણું, તમો રહો છો સાગર બેટજી; જેને ઝાઝા દીકરા;

તેને તો દાઝનો વેરજી. ૧૭ ત્યારે ભગવાન કહે છે નારદને પુત્ર વિના કેમ રહેવાશેજી ત્યારે નારદજી કહે છે. પક્ષમાં આવશે એવું કહેવાસેજી, ૧૮ પછી આસન વાળી દીધી તાળી; નાક ઝાલ્યું મનજી; વેઢા ગણીને નારદ કહે છે સાંભળો જુગજીવનજી. ૧૯ તમારા પુત્રનું એક નારિએ કર્યું છે હરણજી ત્યારે હરી કહે દવારકામાં આવે તે તો પામે મરણજી ૨૦ નારદ કહે છે તમે સુણો શામળા, સંભળાવું એક વાતજી. મારે એવી પ્રતીજ્ઞા છે જુઠું ન બોલું જોરજી. ૨૧ સરોણિતપુર એક નગ્ર છે તેમાં બાણાસુરનું રાજજી પ્રસંગે હું ત્યાં ગયો તો મારે કાંઈ એક કાજજી. ૨૨ રાજા બાણુની પુત્રી ઓખા તેને એવું સ્વપ્નજી અનીરૂધ સહેજે વરી ગયો; તેનું વિભળ થયું છે મનજી. ૨૩ ચિત્રલેહા ચંચળ નારી વીદ્યાત્રીનો અવતારજી; તે આવી દ્વારકામાં છી મન કર્યો વિચારજી. ૨૪ કઠણ કામ કરવું છે મારે. એકલાનું નહિ કામજી મારૂં તેણે ધ્યાન ધરીયું, હું આવીયો તેણે ઠામજી. ૨૫ મે તેને નામસી વિદ્યા ભણાવી તે ઉધ્યું બધું ગામજી, અનીરૂધને લેઇ ગઇને ઓખાનું થયું કામજી. ૨૬ કેઇ પેરે લેઇ જાએ એમ બોલ્યા શ્રી જુગદીસજી ચક્ર મરૂં ઉંધે નહીં ને છેદી નાખે શીશજી. ૨૭

કડવું ૭૦ મું.

રાગ સારંગ-રુકમણી તો કલ્પાંત કરે છે, હૈડે તે ઉઠી જ્વાલાજો, મારો કુંવર કારાગૃહમાં બાંધીઓરે, મારાને પાઘડી બાંધતા ન આવડેરે, મારો અનીરૂધ નાનેરૂ બાલજો. મારો કુંવર ટેક. ૧ રૂકમણીએ કૃષ્ણ તેડાવીઆરે, તમે સાંભળો દીના નાથજો મારા બાળક અસુર ઘેર બાંધીઓરે, તેતો નારદજી એવા તજો મારો૦ ૨ મારે અનીરૂધ બોલી નથી જાણતોરે, તેતોશું, જાણે જુદ્ધ કેરી વાત જો, હિંડતા ચાલતાં આખડાઇ પડે રે, અનીરૂદ્ધ નાનેરૂ બાલજો, મારો, ૩ મારો. મારાને નીશાળે ભણવા નથી મોકલ્યોરે, નથી સહ્યો અધ્યારૂનો મારજો, પ્રભુએ અમને પુરૂષ ન સરજાડયારે, સૌ પેહેલાં રડવા જાતજો, ૪ ત્યારે શ્રી કૃષ્ણે ગરૂડ તેડાવીઓરે. તેતો આવીઓ તત્કાળજો, ભગવાન કહે છે ગરૂડનેરે, તમો કેટલો સેહેશો ભારજો, મારે ૫

વલણ—કૃષ્ણ વાડીમાં ઉતર્યા, માગ્યું રાયનું વનરે, ગરૂડને આપો આજ્ઞા, સુકાવી લાવે તનરે ૧૦

કડવું. ૭૧ મું.

રાગ ઢાળ– ગરૂડ ત્યાંથી પરવર્યો, એક નદી આવી આષોશ તેમાં તેણે ચાંચ બોળી, પાણી લીધું શોષી ૧ ત્યાંથી આઘેરો પરવર્યો જ્યાં ખોતરણા અંગાર, પાણી પેલું પીધું હતું તે, વાત્તરયું ઠાર ૨ ત્યાંથી આઘેરો પરવર્યો, જ્યાં ભુતને પરેત, પાંખે મારી પાડયો ક્ષીમાં સર્વે અચેત. ૩ ત્યાંથી આઘેરો ચાલ્યો કુંવરને કોરે નાગ, નાહાનાને આખા ગળ્યા, મોટાના કર્યા બે ભાગ. ૪ ભલુ થજો ભગવાન નમાઈ પુરણ પામ્યો આહાર, કુંવરને મુકાવ્યો લાવ્યો, જ્યાં છે જુગત આધાર ૫ ઓદ્ધવ ને અક્રૂર બે હસીઆ, ભલા કૃષ્ણના તન. તમેરે આવ્યા પરણવાને, અમને ન લાવ્યા જાને ૬

કડવું ૭૨ મું.

રાગ ઢાળ-આણી વાતે કુંવર મારા. શરમાણા નત્ર થઈએ, મારી વાતો તુજને કહું, તું ભાગ્ય તાહારે હઈયે. ૧ કુબજા પેલી રાંટી, કંસરાયની દાસ, મારા મનમાં વસી, બેસારી રાખી અવાસ. ૨ નરકાસુર મારીને સોળ હજાર લાવ્યો તરૂણી, તારા સમજો એમાં મુજને, એકે નથી પરણી. ૩ તારી માને જઈને લક્ષ્યો બાંધવને બંધાવી, જાંબુવંતી રીંછડી તેને લાવીતી કરી બોલાવી. ૪ તું તો મારો દીકરો, ધન તારી માનું પેટ, બીજા સર્વે દીકરા તે, દેવ કેરી વેઠ. ૫ આપણા કુળમાં ચાલ્યું આવ્યું, શરમાણા નત્ર થઈએ; રૂડી નારી દેખી એતો હરણ કરી લઈ જઈએ, ૬ ઓધવ ને અક્રૂર બે હસીયા; ખડખડ મેહ્યા દાન રૂડી શીખામણ દો છો સુંદર શામ. ૭ જો આવી શીખામણ અમારા છોકરાને દેશો તો મુકવું પડશે દ્વારીકા ગામરે. ૮

કડવું ૭૩ મું.

રાગ જેજેવંતી–શ્રી કૃષ્ણે જાદવ મોકલ્યો, તે સૌણીતપુરમાં જાય; જઈને કહેજો બાણાસુરને પરણાવો કન્યાય. શ્રી કૃષ્ણે. ૧ હોશ હોય તો જુદ્ધને આવો તેમાં નથી અમારે નાય; જાદવ ત્યાંથી સંચર્યો, આવ્યો અશુર સભાની માંય શ્રી. ૨ સાંભળને રાજા વીનંતી આવ્યા વઈકુંઠનાથ દીકરી પરણાવી ચરણે લાગો; નહી તો જુદ્ધ કરો અમ સાથ.

શ્રી. ૩ બાણાસુરને મહા દુઃખ લાગ્યું નેત્રે વરસે અગન; નીચ જાદવને જોઇએ મારી, કુળવંતી એ તન. શ્રી. ૪ ચાલ–એ ભરવાડો એ પીંડારો, ગોકુળમાં ચારી ગાય; મારયા વિના મુકું નહી, જે થનાર હોય તે થાય, ૫ સેન્યા લઇને રાજા ચાલ્યો, જોદ્ધાનો નહી પાર, હસ્તી ઘોડાને ખુખપાલો, બાંધ્યાં બહુ હથીયાર. ૬ ખડગ ખાંડાને તુંબર ઝાર. ગોળી હાથને નાળ ત્રિશુળ સાંગ ને મુદગર ફરસી, તોમરને ભીડી માળ. ૭ ભાલા લોહમય ઝળકે ઝેરી, હાથ ધરી તલવાર, જોધા જોર કરતા આવ્યા, ને કરતા મારો માર. ૮ કો જો જન કો બે જોજન ઊંચા, કોને સસ ખાવા નહી વીષ વિકરાળ દંત મોટા દેખાડીને. વળી પાડે ચીસ૦ બુમરાણ કરતા આવી પડીયા, જાદવની સેન્યા માંહ્ય ગીરધારીને ઘેરી લીધા, પડે બાણાસુર ઘાય, ૧૦ પરીક્ષત્રી શુરાંને પડે કોવાડી મુગદરને વળી ફરસી. સંગ્રામ સહુ સૈન્યા કરે આયુધ ધારા રહી વરસી, ૧૧ જુજા દીશ જાદવ હલકારયા કર ધનુષ બાણ ને તીર, તુટે કુંભ સ્થળ ફુટે દંતુશળ, ચાલે નીરરૂધીર. ૧૨ બહુ ભડ ત્યાં પડથા લાગ્યા ભુગળને ભડાકે, વાંકડી તરારયો સારે, ખડકને છડાકે. ૧૩ તુટે પાખરને પટે બખ્તર, કીધો કચરઘાણ, સર્વ જોદ્ધાને મારી કરીને, પાછા વળ્યા ભગવાન. ૧૪ વલણ—પુરણ પુરૂષોત્તમ પાછા વળ્યા, કરી અશુરનો નાશરે, સેન્યામાં આવી કરીને, શંખનો કર્યો નાદરે. ૧૫

કડવું ૭૪ મું.

રાગ મારૂ—શંખશબ્દ તે વિકારણ, રિપુ દૈત્યનું વિદારણ કૃષ્ણ આવ્યા તે જાણજે થયું, બાણે પ્રાક્રમને કયાં થયું. ૧ અનીરૂદ્ધ કહે સુણ સુંદરી શંખ જણાયો આવ્યા હરી. છુટયા બંધ તે આજ થકી, ઓગાજે હળધર સાત્વીક. ૨ બોલે પ્રદ્યુમન મોટે સ્વરે, બાણપાણ છેદીશે ખરે, ગોવિંદની ગત્ય ન જાએ કળી જાદવ સેના આવી મળી. ૩ જાદવ સન્યાએ ચાપીયો દેશ મંત્રી કહે ઉઠો નરેશ; અનુચર આવ્યો તે લાવ્યો વાત કહે દવારદીશે ઉતપાત, ૪ મંત્રીને કરી નેત્રની સંજ્ઞા સેન્યા તે આપો આજ્ઞા દુંદુભી નાના વીધ ગગડે, આયુધ કરીને યુધ્ધે ચઢે પત્યારૂપૈયા કાઢાડયા લખી,

સેન્યા સજી ટોપજીવ રાખી, પાટ સ્વધર ખખતરપાલ; ડચકારે ઘોડા દેકાળ. ૬ મોરડેમણી ફુમતાં ધટકે પોતાના પડછાયા દેખી ભડકે, વાંદરે, વાંદેનાચંતા, ધુટે ઘોડાને પાણી પંથા ૭ કાળા કાબરાને કલંકી કુસુહલીલાતે પચરંગી હાંસાળો હય હણીઓ જેહ, કાળા કછી કાબરા તેહ ૮ પીળા પાખર પોપટ સ્વેતવાયું વેગી માકડીઆ કેત; રથમાળા અસવાર અનંત, દર્મંવસે પુરખકડે દંત, ૯ પુરની પોળે સેન્યા ન માય હણે જાદવ કહેવા જાય ટોળાં ઉપર ટોળાં આવે. પગને પ્રહારે, ધરતી ધુજાવે, ૧૦ રીસે અંતરમાં ઘર હડે, રણે રાય બાણાસુર ચડે, ઝટકાર કરે બાણાસુર મલ, પૃથવી થઈ જ્યારે ઉથલ. ૧૧

કડવું ૭૫ મું.

રાગ ઝુલણા છંદનો—અલ્યા જાપરો જાપરો નાહાન છોકરા, વઢવાને તું મારી પાછળ આવ્યો અલ્યા નીચ ગોવાળીયા જાત કહાવ્યો મારી સાથે નાઠી જાય ફાવ્યો. ૧ અલ્યા ગોકુળ માંહી તું ગાવડી ચારતે પરનારી કેરાં તું ચીર હરતો; હાથમાં લાકડી ખાંધે હતી કામળી; મહ્ વિષે તુરે ફરતો અલ્યા. ૨ શાંગ શ્રી સુર્યતણી તેજ ત્રિશુળ તણું મ હાથમાં તેહ ચળકે, મારે ક્રોધે કરી ડોલે છે, દેવના બધી ધરણી શેષ શળકે અલ્યા. ૩

કડવું ૭૬ મું.

રાગ ઢાળ—એવી વાણી સાંભળતામાં કોપ્યા દીન દયાળ બાણાસુ હાથ છેદા, સ્વામી શ્રી ગોપાળ. ૧ કોપ કરી કરપાસ્ત્ર મેલ્યું. વ તેણીવાર; બે હાથ રહ્યા છે બાણાસુરને, તેનો કહું વિસ્તાર, ૨ રૂ વહે છે બાણાસુરને, મન થયો નીરાસ, મહાદેવજીએ હાથ આપ્યા, ગયો કેલાશ. ૩ નારદ ચાલી આવીયા; જ્યાં બાણાસુરની માય, કુંવરના હાથ વાઢયા કહો વલે શી થાય. ૪

કડવું ૭૭ મું.

રાગ ગુજરી—શુકદેવ કહે છે વાત લેવા આવીયારે, જેની દં સરખી જાત, વેવાણ આવીયારે, ૧ માથે કેસવાંસની જાળ વેવાણ, દં નેત્ર સરોવર પાર વેવાણ, ૨ જેના સુપડા જેવા કાન, વેવાણ, જેનું મ ગીરી સમાન વેવાણ, ૩ એની આંખ અંધારો કુપ વેવાણ જેનું

દીસે છે કદરૂપ વેવાણુ, ૪ હળ દાંડી જેવા દંત, વેવાણુ દીઠે જાએ એનો અંત વેવાણુ, ૫ એના સ્તન ડુંગરશાં ડોઝા, વેવાણુ કાને ઘાલ્યાં હાથીનાં હોઝા, વેવાણુ ૬ કોટે ખજુરીના તનમનીયાં વેવાણ: કાને ઉંટના ઓગનીયાં વેવાણુ; ૭ પાસે રીંછ કલ્લાં વિકરાળ વેવાણુ કેહડે પાડાની ઘુઘરમાળ, ૮ વાંકડા સર્પ એના હાથે વેવાણુ, બળતી સઘડી મુકી માંથે વેવાણુ, ૯ કોટરા આવી જ્યાં મોરાર. વેવાણુ ૧૦ જેની પીઠ ડુંગરશાં ડોળાં, વેવાણુ એના મસ્તકમાં ફરે રોંઝાં, વેવાણુ ૧૧ મુખ બોલે વચનની કળા, વેવાણુ દેખી પડે જાદવને ફાળ, વેવાણુ, ૧૨ કોટરી આવી જ્યાં મોરાર, વેવાણુ કુંવરે સાસું ખોળી સાર. વેવાણુ; ૧૩ ચાલ કોકારા કહે છે કરગરી. એના બાપને ચાંપ્યો પાતાળ; જાણુશે તો ઘણું થયું એ છે તમારો બાળ; ૧૪ કરૂણા સાગર કૃપાનિધિ, ક્ષમા કરો આ વાંક, દીન જાણી દયા કરો એ છે તમારો રાંક, ૧૫ ચક્ર ચતુર્ભુજે પાછું તેડ્યું કરૂણા કરી જગનાથ, નવસે છન્નુ કર છેદી નાંખ્યા રાખીયા ચાર હાથ; ૧૬ રૂધીર ભર્યો આંસુ ગળ તે આવીયો શીવની પાસ: એમ કહીને પાએ લાગ્યો; ...ભળો પતી કૈલાસ, ૧૭ એક મારી વીનતી, તમે સાંભળો જગદીશ ...ળી કોપે ભરાયા, પોતે ઉમીયા ઈશ.

વલણ—મનમાં રીશ ચઢી ઘણી, તમો સાંભળો રાજકુમારરે; શીવ યુદ્ધે ચડયો, તેણે ભ્રુ ક્રરા અપારરે.

કડવું ૭૮ મું.

રાગ સારંગ— એ ભરવાડો એ પીંડારો ગોકુળમાં ચારી ગાય ...ારા આપ્યા હાથને, છેદીને કયાં જાય. ૧ બડબડતા ગણેશ ચાલ્યા, ...ડે અસવાર; ઉંદર ઉપર સ્વામી કારતીક, ચાલ્યા શંકરના કુમાર ૨ ...ક ઉપર વીરચંદ્ર ચાલ્યા વૃષભ ઉપર શીવરાય સેન્યા બહુ ભેળી કરી; તેહ તણો મહીમાય. ૩ ડાકણ સાકણ ભુતપ્રેત, પીશાચવંત માત્ર, ... દહુક ચાણે ભુતડા; જેનાં હાંલ્લા સરખાં માથાં. ૪ હરી જઇ કૃત ...ાને કહે છે જાદવને સમજાવો, અ...રનું ઉપરાણું કરી, જોગીડા વઢવા ...યો, ૫ શંકર મુખથી બોલ્યા આવી લાગી મનમાં જવાળા સન્મુખ ...ી ઉભા રહી, માંહે માંહે માંહે ભાંડે ગાળ, ૬ હે કાળા અર્જુનના ...ા. ભરયા ઉચાળા જેહ, મધ્યરાતે મથુરાથી નાઠો, ગયો વીસરી તેહ, ...ારી માશી પુતનાને, દહીંના લીધાં દાણ; મોસાળનું છેદન કરીને બેઠા રાજન ૮ તું આહીરડામાં અવતર્યો, નથી વાત મારી અજાણી;

ત્યારે શંકર પ્રત્યે કોપ કરીને બોલ્યા સારંગપાણી, ૯ મડેમસાણે ફરતો હિંડે રાખચોળે અંગ આક ભાંગ ધંતુરો ચાવે તારા ઢંગ ૧૦ ડાકણ ભુત પ્રેત જે, નીચ સાંગરો જોડો બળદ ઉપર ભાર મુકયો, તાહરા ઘરમાં નમળે ઘોડો ૧૧ રાત દહાડો બાવો થઇ ફરતો તાહરા ઘરમાં રોતી નારી ત્યારે કૃષ્ણ પ્રત્યે કોપ કરીને બોલ્યાં છે ત્રીપુરારી ૧૨ અલ્યા છોકરીઓમાં છાશ પીતો મદ અટી થતો મ્હેરી, જગતમાં એવું કહેવાયુ જે, કાનુડે કાંચળી પેરી ૧૩ પરનારી શું કીડા કરતો કેહેવાયો વ્યભિચારી, મુને બધી વીશ્વે જોયો તું એવો સાધુ હતો ત્યાયે ભીલડી શું મોહયો ૧૫ વચન એવું સાંભળીને. કોપીયા શીવરાય; કહાક લઇને ત્રીસુળ માર્યું થનાર તે થાય ૧૬ ત્યારે શ્રી કૃષ્ણે મુકયું સુદર્શન આવ્યા ચપટ ઘાય, માંહે યુદ્ધ કરે છે. બળ કહ્યું નવ જાય ૧૭ ગણપતીને કુંવર પ્રદુમન, વડતાં બન્યો કુમાર વાુમાન ને બટુક ભેરવ, કરતા મારા માર, ૧૮

કડવું ૭૯ મું.

રાગ ધનાશ્રી—આ બેમાં કોને નંદુને, સાંભળો શીવ રણછોડજી વિરોધને વેગળો મુકીને, પુરો જગતના કોડજી, ૧ શંકર કહે કૃષ્ણજીને, તમો ક્યારે આવ્યા ભગવાનજી; હરીહર બે કોટે વળ દીધું ઝાઝુ માનજી, ૨ શીવે કૃષ્ણને તાળી મારી, બોલ્યાનો વિવે વઢનારા તો કોઇક હશે પણ, આપણ એકના એકજી ૩ કૃષ્ણે ચ પાછું લીધું, શીવ લીધું ત્રીશુળજી બ્રહ્માએ આવી સમાધાન કી થયું પૃથ્વીમાં શુળજી. ૪

વલણ—મેં મોયા હાથ હજારને, હવે શીષ છેદાવુ રે, તેમ કરીને જાન તેડાવી પછી કન્યાને પરણાવું રે ૮

કડવું ૮૦ મું

રાગ સોહામણી—હરીહર બ્રહ્મા ત્રણે મળ્યા, દુખ ભાગીયારે, ૯ દાનવનું શું જોર, મળ્યા મન માનીયા રે. ૧ બ્રહ્મા વિષ્ણુ ત્રણ છે, દુઃખ ભાગીયારે, તેમાં તે શી વઢવાડ, ભાગ્યા. ૨ શિ નમાવીયો, દુઃખ શરીરે કૃષ્ણે ફેરવ્યો હાથ, મળ્યા. ૩ કા ની કરની પીડા મટી દુખી જ્યારે પ્રસન્ન થયા જદુનાથ, મળ્યાં. ૪ ગરૂડને દ્વારકાં મોકલીયા, દુઃખ તેડાવો સઘળા પરીવાર, મળીયા શોળ સહસ્ત્ર એકસો આઠ પટરાણીઓ દુઃખ તેડાવો પરીવાર, મળ

૬ ગરૂડ પહોંચ્યો દ્વારકાં, દુઃખ તેડાવો જાદવ નાર, મળીયા તેડી છપ્પન કોટીનાં, દુઃખ તમો તેડો સૌ પરિવાર, મળીયા. ૭ તે ગરૂડ ઉપર સૌ એ ચઢયા, દુઃખ ત્યારે ગરૂડની પાંખ ભરાય, મળીઆ. ૮ તેડી શોણીતપુરમાં આવીયા દુઃખ; આવી જાદવની સર્વે નાર મલ્યા ૯ જાનીવાસ આપવા મન માનીયાં દુઃખ તેમાં ઉતર્યાં છપ્પન કરોડ મલ્યા,

કડવું ૮૧ મું.

રાગ ધોળ—પારવતીને પીયરમાં નોતરડાંરે; એળચાતો ફડાં લાવજો પાથરણારે તેડાવોને ઉદીયાચળને અટાચળને, તેડાવા વિંધ્યાચળ પીનાચળરે, વરરાયને નાવણુ વેળા થાયરે, વરરાયને પીઠી ત્યાં ચોળાયરે.

કડવું ૮૨ મું.

રાગ ગુજરી—કૃષ્ન કેરી ધરૂણી નીદ્રાનવ પોઢશોરે, અનિરૂદ્ધને ને લઈ સંચરો રૂક્મણી જાગવુ રે બળભદ્ર કેરી ધરૂણી નીંદ્રા નવ ..સો રે અનિરૂદ્ધને તે સંચરો રેવતી જાગવુ રે વાસુદેવ કેરી ધરૂણી .. નવ પોઢશો રે. અનિરૂદ્ધને તે લઇ સંચરો, રૂમુમતી જાગવું .દેવા કેરી ધરૂણી નીંદ્રા નવ પોઢશો રે, ઓખાબાઇ તેને લઇ સંચર .વતી જાગવું રે ગણપતી કેરી ધરૂણી નીંદ્રા નવ પોઢસો રે ઓખાબાઇને સંચરો, બાણામતી જાગવું રે કોમાંડ કેરિ ધરૂણી નીંદ્રા નવ .સો રે, ઓખાબાઇને તે લઈ સંચરે, રૂપમસ્તુ જાગવું રે.

કડવું ૮૩ મું

રાગ ધોળ—હલ હલ હાથણી શણગારીરે, હસ્તની ફરતી સોનાની .આડીરે; તેના ઉપર બેસે વરજીની ગાડીરે, સોનેરી કોર કસુંબલ .રે, માથે મોડસમરી રોઝળ કેરે. ઉશણોદકે વરને કરાવ્યું સ્નાન. .ા વીધનાં વસ્ત્ર પહેરાવ્યા પરીધાન કનકબેર ખાપુચીઓ બાજુબંધ, .પમ ઉપજ્યો આનંદ મુગટ મણીમય ધર્યો અનીરૂધ શીશ. .ક ઝબક ઉદયજ જેવો દીસે કસ્તુરીનું તીલક કર્યું છે ભાલ વળતી .ટપકું કર્યું છે ગોળાકાર હરી હળધરતો જશ બોલે બધા જન .વે સહિત શોહે છે જુગજીવન સાત પાંચ સોપારી શ્રીફળ અપાય .ને તો થોડી વેળા થાય.

કડવું ૮૪ મું.

રાગ દેશી ઘોડલીનો— અનિહા અનિરૂદ્ધની ઘોડલી. ટેક અંત્રીક્ષથી ઘોડી ઉતરી, પુજીએ કુમકુમ ફુલ; ચંચળ ચરણે ચાલતી, એનું કોઈ ન કરી શકે મુલ. અનિરૂદ્ધજીની ઘોડલી ૧ મોરડે મોતી જડી પલાણ રત્ન જડીત જેના પેગડા તેના વેદ કરે છે વખાણ અનિરૂદ્ધ. ૨ અંગ જેનું અવનવું, ઝળકે તે ઝાકઝમાળ; ઝબકે જેમાં વિજળી, તેને કંઠે છે ઘુઘરમાળ. અનીરૂદ્ધ. ૩, દેવ-દાનવ માનવીરે, જોઈ હરખ્યા ને સુંદર શ્યામ; થનક થનક ચાલતીરે, એનુ પંચ કલ્યાણી છે નામ અની ૪ રૂપવંતી ઘોડી ઉપરરે, અનીરૂદ્ધ થયા અસવાર પાનનાં આપ્યાં બીડલાં, ઉપર શ્રીફળ ફોફળ સાર અનીરૂદ્ધ. ૫ હીંડે હળવે હાથીઓરે, ઉલટ અંગ ન માય સુરીનરમુની જન જાયે વારણેરે, આગળ ઈંદ્ર રહ્યા છડીદાર અની ૬ સનકાદીક શીરછત્ર ધરેરે, નારદ વેણા વા ચંદ્ર સુરજ બેઉ પેગડેરે, આગળ વેદ ભણે બ્રહ્માય. અની ૭ બત્રીશ વાગતારે નગર એને ૫ દેશ; લોક સર્વે જોવા મળીયું, તપુર દેશ અની. ૮ રાગે નગર સોહાવીયુંરે, સોહરાવી છે વાટ પતાકા જળહળેરે, શોહરાવ્યાં શોણીતપુરનાં હાટ અની. ૯ દેવ ત્યાં આવીયારે, જશ બોલે બંદીજન જાચક કરે બહુ જાચનારે હરી ટાળે નીરધન અની. ૧૦ રામણદીવો કર રૂક્ષમણીરે, લુણ એની ધીર ગાન કરે છે અપસરારે. ત્યાંના જોવા ઇચ્છે જદુવીર. અન

કડવું ૮૫ મું

બાણાસુર પખાળે ચરણ, શોભા ઘણેરીરે; ત્યાં તો બ્રાહ્મણ વરણ, શોભા ઘણેરીરે; ૧ ત્યાં તો પહેલું મંગળ વરતાય પહેલે મંગળ સોનાના દાન અપાય, શોભા ૨ દાન લે છે કૃ સંતાન. શોભા ત્યાં તો બીજું મંગળ વરતાય શોભા ૩ ત્રીજે ધેનુના દાન અપાય સો ત્યાં તો ત્રીજું મંગળ વરતાય; શો. ૪ હસ્તીના દાન અપાય સો દાન લે છે કૃષ્ણ સંતાન, શો. ૫ ૯ ચોથું મંગળ વરતાય સો ચોથે મંગળ કન્યાના દાન અપાય

કડવું ૮૬ મું.

બાણાસુર ગોરવ નોતરે, સૌકો સાથસરે સાથેજ; માગનીશી રીત હળહર ભ્રાતશુરે; શ્રી કૃષ્ણ કરે પ્રણામ હળધર ભ્રાતશુરે. તમો ગોરવ વેળા પધારજો સૌકો આવજોરે, સાથે માણસની શી રીત ગમે તેને લાવજોરે; વેવાણે‌ા ઘરમાં ગઇ જ્યાં વરની માવડીરે; તેના કુમ કુમ રેળ્યા પાય જઈ પાયે પડીરે. અનિરૂદ્ધની માવડી બોલીયાં રિત અસારીરે તમારી પરઠણ જેહ માનવું ગોરડીરે; બાણમતી બોલ્યાં રીત અમારીરે; ગોરવ મનાવીને ચાલીયા મનશું માલતાં રે હાલ હાલ કરો રસોઇ રાંધણ ચાલતાંરે; જાત બહુ પ્રકારની ગણતાં કાંઈ નવી લહુરે કાંઈ વસ્તુ અનેક મણતાં સઉ કહુંરે; જાદવરેરી જોડી સઉકો સાથશુરે આવ્યા શ્રીકૃષ્ણ મહારાજ છપન કરોડ શુરે વેવાઇની વાત કાંઇ બાંભરીરે ભોજન કરવા ઠામ ઠામ જુગસીઓ ભલીરે આજ્ઞા આપી સઉકો બેઠા થયારે, એ તો સ્નાન કરી મંદીરમાં ગયારે સ્મરણ નાથનું બેઠા બેસણેરે; નવ જોબનવંતી નાર નીકળી પીરસણેરે કના તકીયા ઘણા ઝાઝાને લોટડારે, માંહે બેસણ બહુ વિવેક દીસે રે બાવન પરની થાળી સોનાના લટકારે પીરસનારી પ્રમાણ જમનારા રે ખાંડ પકવાનના મેવા બહુ ઘણારે, પુરણું દુધપાક સાકરીયા રે, ગોટા આળીયા તડબુચાં આંબા સાખશુંરે, પિસ્તાને અખરોટ દ્રાખશુંરે તલસાકળાં મોળાં દહીંથરા સેવ છુટી કળિરે ખોબલડે ખાંડ મરકી બેવડીરે, ખાજા જલેબી દરાની દળિયા મશામસે.

કડવું ૮૭ મું.

રામ પહેરામણીનો—આપ્યું મુક્યું સર્વે પોકયું, કન્યાને વળાવો, રા નવલા વેવાઇઓરે, રથ ઘોડાને પામરીયો, સૌ જાદવને બંધાવો, સો મહારા નવલા વેવાઈઓ. જરકસી જામા તમે કૃષ્ણને પહેરાવો, રા નવલા વેવાઇઓ. પંચ વસ્ત્રને શણગાર, તમે જમાત્રને આપો; દક્ષીણીના ચીર રાણી રૂક્ષમણીને આપો; માહારા૦ જરી શાલ દોશાલા જાદવને તમે આપો; માહારા૦ સાળુ ચરચોળાને ચણેરા સતી સતભામાને આપો; માહારા૦

કડવું. ૮૮ મું.

વેલાડી–ઓખા ચાલી ચાલણે હારા, મધુવરેઃ ...
ઓખા ...ને મળતા જા, માને વહાલી દીકરી, કો
...નાનાં સાંકળાં, કોઇ લાવે સોળ શણગાર; ઓખાબાઇને પહેરવ.
ઓખો તે વળતા બોલીયાં કહે બાઇ રે, ચીત્રલેહા આવ ઓરી
...વ્ય વારરે.

કડવું ૮૯ મું.

રાગ ધોળની દેશી–ઓખાબાઇ તો સાસરીએ હવે જાયરે, માનુની તો મળી મંગળ ગાયરે; ...થ અગ્ર પહેડું ત્યાં શ્રીફળે સીંચાયરે, ઓખાબાઇને ફાળ કચોળુ અપાય રે, ઓખાબાઇને શિખામણ દે છે માય રે.

કડવું ૯૦ મું.

રાગ બીભાસ–સાસરિઆના સાથમાં, તું ડાહી થજે દીકરી તુજને સીખામણ દેઉં, તે રખે જતી વીસળી, સાસરીઆના સ હળવે હળવે ચાલીયે; સાસરીયાના હાથમાં ખોળે ખાવું ન વા સાસરીયાના સાથમાં કંઇ સારૂ બાલીયે, સાસરીયાના સાથમાં સા આધો તાણીએ; સાસરીયાના સાથમાં સસરો બેઠા હોય તો પિતા કે જાણીએ, સાસરીયાના સાથમાં કુવે વાત ન કીજીયે; સાસરી સાથમાં પરપુરૂષ આવતો હોય તો વાત કરતાં બીજીયે, સાસરી સાથમાં સાસુને ગાળ ન દીજીયે.

કડવું ૯૧ મું.

રાગ ફટાણાની ચાલ–આવ્યો દ્વારકાનો ચોર, હાથેણી લેઇ વળ્યોરે; જેણે વગડે ચાર્યાં ઢોર, લાખેણી હાર્યો હાર્યો બાણ રાય કલ્યાણરાય જીતીયારે વેગે રહીને આવ્યા દ્વારકાની માંય કેશ જીતીયારે; રાણી રૂક્ષમણીએ વધાવીને લીધા, ત્રીકમરાય જીતીયા તો પુરાણીએ પ્રસિદ્ધ; દીનાનાથ જીતીયારે તે તો ગોત્રજ અ જાય; કલ્યાણરાય જીતીયારે; બંનેનાં હાથ કાંટણુ મીંઢળ હે કલ્યાણરાય જીતીયારે.

કડવું ૯૨ મું.

રાગ ધોળ—[illegible] બાપ તેડાવ, છોગાળા દા
રે તારો કૃષ્ણ વડવો તેડાવ, છબીલા દોરડા નવ છુટ તારો [illegible]
તેડાવ છબીલા; તારો પ્રદ્યુમન તાત તેડાવ, છબીલા, તારી [illegible]
માત તેડાવ, છબીલા બ્રહ્માની વાળી ગાંઠ તે કેમ છુટી જાય, છબીલા
તારો બળભદ્ર કાકો તેડાવ, છબીલા તારી રેવતી કાકી તેડાવ છબીલા,
અનીરૂદ્ધે બાંધી ગાંઠ દોરડા ઓખા છોડવા જાય છબીલા. બેઠી ગાંઠ
કરી ને તે કેમ છુટી જાય હો લાડી. તારો બાણાસુર તાત તેડાવ
હો લાડી, તારી બાણમતી માત તેડાવ હો લાડી તારા શંકર તાત
તેડાવ હો લાડી.

કડવું ૯૩ મું.

રાગ ધનાશ્રી—રીત ભાત પુરી કરીને, ઉઠયા કૃષ્ણ તનજી નવું રે
વસવાને ત્યાં આવ્યું રે ભોજનજી એક વાર શ્રી કૃષ્ણે ઓખાને,
માંહે બેસારીઆજી; માગવું હોય તો માગી લેજે, તું છે વહુવર
હોજી મારા બાપને એક દીકરો તેનું ગયાસુર નામજી બાણાસુરનો
સુર, બંશ વધારણ હારજી કહ્યા કથાને સંદેહ ભાગ્યો પરીક્ષત
પાયજી શુકજી અમને પાવન કીધા સંભળાવ્યો મહીમાયજી;
હું ઈષ્ટ ગુરૂદેવને, ગણપતીને લાગુ પાયજી શ્રોતાવક્તા સમજતા કહે
કરજોડજી; ભાવધારી સહુ બોલજ્યો જે જે શ્રી રણછોડજી.

શ્રી ભાગવતે મહાપુરાણે દશમસ્કંધે શ્રી શુકદેવ પરીક્ષત સંવાદે.
પ્રેમાનંદ કૃત ઓખાહરણ સંપુર્ણ.

શ્લોક.

અચ્યુતં કેશવં રામનારાયણં ॥ કૃષ્ણ દામોદરં વાસુદેવં હરે ॥
શ્રીધરં માધવં ગોપીકા વલ્લભ ॥ જાનકી નાયકં રામચંદ્ર ભજેત ॥૧॥